RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 331* Date: 28.09.2021 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોના મુદ્દે કોંગ્રેસના નારા, હંગામો સાથે વિધાનસભામાંથી વોકઆઉટ

# ગુજરાતની નવી સરકાર સામે વિપક્ષ મજબૂત સાબિત

ગાંધીનગર, તા.૨૭

વિધાનસભા સત્રના શરૂઆત પૂર્વેજ કોંગ્રેસના બે ધારાસભ્ય ગ્યાસુદીન શેખ અને ઈમરાન ખેડાવાલાએ પરિસરમાં કોવિડના મૃતક પરિવારને ૪ લાખની સહાયની માંગણી સાથેના બેનરો અને ડોક્ટરના એપ્રન પહેરીને વિરોધ વ્યક્ત કર્યો હતો. વિધાનસભાની અંદર અને બહાર કોંગ્રેસના સંભવિત વિરોધને લઈને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે, વિધાનસભા તરફ જતી ગાડીઓનું પણ ચેકીંગ ધરવામાં આવ્યું હતું.આજે ગુજરાત વિધાનસભાનું સત્ર શરૂ થયું છે ત્યારે નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નવા મંત્રીઓનું મંત્રી તરીકેનું આ પહેલું સત્ર છે.

વિરોધપક્ષ કોંગ્રેસ મંદી, મોઘવારી, બેરોજગારી, અત્યાચાર, ભ્રષ્ટાચાર, કોરોના પીડિત લોકોની પિડા અને વેદનાને વાચા અપાવા આક્રમક વ્યુહ અપનાવવાની તૈયારી કરી છે. બીજીતરફ પ્રશ્નોત્તરી દરમિયાન એમડી ડ્રગ્સ મુદ્દે વિપક્ષના આક્રમણ સામે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી ઝઝૂમ્યાં હતા. ત્યારે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અંદરોઅંદર ગુફતેગુ કરવામાં વ્યસ્ત હતા. જેથી નવા નિમાવેલા મંત્રીઓમાં એક પ્રકારનો રોષ જોવા મળ્યો હતો કે, પૂર્વ સીએમ અને નાયબ સીએમએ સાથે આપવાની જગ્યાએ ચુપ બેસી રહ્યા. કોરોના મદ્દે વિધાનસભામાં કોંગ્રેસએ હોબાળો કર્યો હતો. ન્યાય આપો ન્યાય આપો કોરોનાના મૃતકોને ન્યાય આપો ના સૂત્રોચાર કરી કોંગ્રેસે આજે પ્રથમ દિવસે વિધાનસભા ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો. ગુજરાત વિધાનસભામાં શોક દર્શક ઉલ્લેખો બાદ ગુજરાતના કોરોનાથી મૃત્યુ પામેલા નાગરિકોના શોક ઠરાવ અંગે કોંગ્રેસે વોકઆઉટ કર્યો હતો.ગુજરાતમાં ૧૪ દિવસ પહેલા બનેલી નવી ભૂપેન્દ્ર પટેલની સરકારની પ્રથમ કસોટી વિધાનસભાના માત્ર બે દિવસના ટૂંકા સત્રમાં શરૂ થઈ ગઈ છે. ગુજરાતમાં મુખ્યમંત્રી સહિત તમામ મંત્રીઓ નવા નીશાળીયા હોવાથી વિધાનસભાની કાર્યવાહીથી માંડીને વિરોધ પક્ષના આક્રમક પ્રશ્નો અને આક્ષેપોનો સામનો કરવો ઘણો કઢીન બની શકે તેમ હોવાથી પૂર્વ મુખ્યમંત્રી સહિત જુના મંત્રીઓ ભાજપ દ્વારા ખાસ સૂચના આપીને વિધાનસભા સત્રમાં નવી સરકારને કોંગ્રેસ ભીસમાં ના લઈ શકે તે માટે તેમની સાથે રહેવા માટે કહેવામાં આવ્યું છે. નવા મંત્રીઓ અને ભૂપેન્દ્ર પટેલના સામે પડકારો હોય તે માટે ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટિલે ગૃહ શરૂ થતાં પહેલાં જ ધારાસભ્યોને માર્ગદર્શન આપ્યું હતું.

ભાજપના દંડકની ઓફિસમાં સીઆર પાટિલના અધ્યક્ષ સ્થાને ભાજપના ધારાસભ્યોની બેઠક મળી હતી. જેમાં વિપક્ષના હલ્લાબોલની મજબૂતાઈથી કેવી રીતે જવાન આપવો તે અંગે સીઆર એ ધારાસભ્યોને શીખવાડ્યું હતું. ગૃહ શરૂ થયા બાદ સીઆર પાટીલે પ્રેક્ષક ગેલેરીમાંથી નવા મંત્રી મંડળની કામગીરી નિહાળી હતી. પાટીલની સાથે ૪ મહામંત્રીઓ પણ હાજર રહ્યા હતા. આજે જયારે ડ્રગ્સના લઈને પક્ષમાં પરેશ ધાનાણીએ ઉગ્ર વાત કરી ત્યારે એક સમયે વરિષ્ઠ નેતાઓની કમી ભાજપના નવા મંત્રીઓમાં દેખાવ મળી હતી. વિધાનસભા ગૃહની બહાર લોબીમાં પક્ષ અને વિપક્ષના અનેક કાર્યકરો અને મુલાકાતીઓ આવ્યા હતાં. લોબીમાં પણ લોકોની વધુ અવરજવરના કારણે પોલીસ



બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. તમામ ચેમ્બરની અંદર બેસીને લોકો વિધાનસભામાં ચાલતી પ્રશ્નોતરી સાંભળી હતી.

# વડાપ્રધાન મોદીએ આયુષ્માન ભારત ડિજિટલ મિશન સ્કીમ લોન્ચ કર્યું



નવી દિલ્હી , તા. ૨૭

વડાપ્રધાન મોદીએ લાલ કિલ્લા પરથી આ યોજનાની ઘોષણા કરી હતી. આ યોજનાને શરૂઆતમાં અમુક રાજ્યોમાં પાયલટ પ્રોજેક્ટ અંતર્ગત લાગુ કરવામાં આવશે અને ત્યાર બાદ સમગ્ર દેશમાં તેનો વિસ્તાર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા પહેલા આયુષ્માન યોજના લાગુ કરવામાં આવી હતી જેના અંતર્ગત દરેક વ્યક્તિને ૫ લાખ રૂપિયા સુધીની ફ્રી સારવારની વ્યવસ્થા કરવામાં આવી હતી. ભારત દ્વારા સ્વાસ્થ્ય ક્ષેત્રે એક ખૂબ જ મહત્વનું પગલું ભરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સોમવારે એટલે કે આજે આયુષ્માન ભારત ડિજિટલ મિશન લોન્ચ કરવામાં આવ્યું છે. આ યોજના અંતર્ગત દેશના દરેક નાગરિકની એક હેલ્થ આઈડી તૈયાર કરવામાં આવશે. ઓ યોજનાના લોન્ચિંગ દરમિયાન વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, સ્વાસ્થ્ય ક્ષેત્રે આ એક ક્રાંતિકારી પગલું છે. દેશના ગરીબ અને મધ્યમ વર્ગીય લોકોની સારવાર માટે આ યોજનાએ મહત્વની ભૂમિકા ભજવી છે. હવે ડિજિટલ ફોર્મમાં આવવાથી તેનો વિસ્તાર થઈ રહ્યો છે. વડાપ્રધાને જણાવ્યું કે, ડિજિટલ ઈન્ડિયા અભિયાને દેશના સામાન્ય નાગરિકની શક્તિ વધારી દીધી છે. આપણા દેશ પાસે ૧૩૦ કરોડ આધાર નંબર, ૧૧૮ કરોડ મોબાઈલ યુઝર, ૮૦ કરોડ ઈન્ટરનેટ યુઝર, ૪૩ કરોડ જનધન બેંક ખાતા છે, આવું વિશ્વમાં ક્યાંય નથી. વધુમાં જણાવ્યું કે, આરોગ્ય સેતુ એપની મદદથી કોરોના સંક્રમણને ફેલાતો અટકાવવામાં મદદ મળી, આ સાથે જ ભારત બધાને વેક્સિન-ફ્રી વેક્સિન આપી રહ્યું છે. અત્યાર સુધીમાં ૯૦ કરોડ વેક્સિન અપાઈ છે જેમાં કો-વિનનો બહુ મોટો રોલ છે. કોરોના કાળમાં ટેલિમેડિસિને પણ બધાની મદદ કરી છે. આયુષ્માન યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૨ કરોડ દેશવાસીઓ મફત સારવાર કરાવી ચુક્યા છે. પહેલા અનેક ગરીબો એવા હતા જે હોસ્પિટલ જતા અચકાતા હતા પરંતુ આયુષ્માન ભારતના આગમન બાદ તેમનો એ ડર દૂર થયો છે.

# ચીને લદ્દાખમાં એલએસી પર ૫૦ હજાર સૈનિકો તૈનાત કર્યા



નવી દિલ્હી, તા.૨૭

ભારતે ચીનને એલએસી પર વારંવાર તેના વલણમાં ફેરફાર નહીં કરવા અને સરહદીય બાબતોની સમસ્યાને વધુ જટીલ નહી બનાવવા જણાવ્યું છે. પૂર્વીય લદ્દાખમાં ગયા વર્ષે બંને દેશો વચ્ચે સર્જાયેલી તંગદિલી પછી ભારત સતત ચીનને સરહદો નિશ્ચિત કરવાની સમસ્યાનો ઉકેલ લાવવા અલગ અલગ વ્યવસ્થા તંત્રનો ઉપયોગ કરી તેને વળગી રહેવા દબાણ કરી રહ્યું છે.હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં ચીનની વધતી દાદાગીરી રોકવા માટે અમેરિકામાં ક્વાડ જૂથના પ્રમુખો, વડાપ્રધાનોની પહેલી વ્યક્તિગત બેઠક યોજાયાના બીજા જ દિવસે ચીને તેનો અસલી રંગ બતાવવાનું શરૂ કર્યું છે. પૂર્વીય લદ્દાખમાં એલએસી પરથી પોત-પોતાના સૈનિકો પાછા લેવા મુદ્દે ભારત-ચીન વચ્ચે સમજૂતી થવા છતાં ચીને પોતાના સૈનિકો પાછા ખેંચવાના બદલે ઉલટાનું એલએસી પર ૫૦,૦૦૦થી વધુ સૈનિકો તૈનાત કર્યા છે અને ભારતીય જવાનોની પ્રવૃત્તિઓ પર નજર રાખવા મોટી સંખ્યામાં ડ્રોનનો ઉપયોગ કરી રહ્યું છે. સત્તાવાર સૂત્રો મુજબ ચીનનું સૈન્ય મોટાભાગે દોલત બેગ ઓલ્ડી સેક્ટર, ગોગરા હાઈટ્સ અને અન્ય કેટલીક જગ્યાઓ પર ડ્રોનથી ભારતીય જવાનોની પ્રવૃત્તિઓ પર નજર રાખી રહ્યું છે. વધુમાં તેણે પૂર્વીય લદ્દાખમાં એલએસી પર ૫૦,૦૦૦ સૈનિકો ગોઠવ્યા છે. ચીનની આ બધી ગતિવિધિઓ પર ભારતીય સૈન્ય પણ ચાંપતી નજર રાખી રહ્યું છે. ભારતીય સૈન્ય પણ ચીનના સામના માટે ખૂબ જ સાવધ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ચીનના ડ્રોન પર નજર રાખવા માટે ભારત તેની એસેટ્સનો ઉપયોગ કરી રહ્યું છે. લદ્દાખનું ચોખ્ખું આકાશ અને ઊંચા શીખરો પર તૈનાત ભારતીય જવાનો ચીનના ડ્રોન પર નજર રાખી રહ્યા છે. વધુમાં ભારત પણ અહીં મોટાપાયે ડ્રોન તૈનાત કરવાની યોજના બનાવી રહ્યું છે.

આ માટે ટૂંક સમયમાં જ ભારત એલએસી પર નવા ઈઝરાયેલી અને ભારતીય ડ્રોન નિયુક્ત કરશે. આ ડ્રોનને સરહદ પર ચીનના પડકારોનો સામનો કરવા માટે ઈમર્જન્સી નાણાકીય પાવરનો ઉપયોગ કરીને સંરક્ષણ દળો દ્વારા ખરીદવામાં આવ્યા છે. એલએસી પરની સ્થિતિનો ઉલ્લેખ કરતાં સૂત્રોએ કહ્યું કે હવે બંને દેશના સૈન્યો વચ્ચે ફ્રિક્શન પોઈન્ટની સમસ્યાનો ઉકેલ લાવવાની જરૂર છે. સૂત્રોએ ઉમેર્યું કે, અમેરિકાએ ભારત સાથે મળીને હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં ચીનનું પ્રભુત્વ ઘટાડવા ક્વાડ જૂથની રચના કરી છે. ચાર દેશોના આ જૂથમાં જાપાન અને ઓસ્ટ્રેલિયાનો પણ સમાવેશ થાય છે. ક્વાડ જૂથના ટોચના નેતાઓની સૌપ્રથમ વ્યક્તિગત બેઠક શુક્રવારે જ વ્હાઈટ હાઉસમાં યોજાઈ હતી. જોકે, ચીન પણ ચૂપ નહી રહે. ચીન તેના સૈનિકો માટે તેના કામચલાઉ માળખાને કાયમી માળખામાં પરિવર્તિત કરી રહ્યું છે. પૂર્વીય લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પાસેના વિસ્તારોમાં તિબેટીયન ગામો પાસે ચીને સૈન્ય છાવણીઓ બનાવી છે. નોધપાત્ર બાબત એ છે કે ચીની સૈન્ય તરફથી આ કેમ્પ કોંક્રિટની ઈમારતોના રૂપમાં બનાવાઈ છે. ચીનના આ કરતૂતો તેના પ્રત્યક્ષ ઈરાદા દર્શાવે છે. ચીન એલએસી પર લાંબા સમય સુધી તેના સૈનિકોની તૈનાતી જાળવી રાખવા માગે છે.




## એલઓસી પાસે ઘુસણખોરી કરતા બે આતંકી ઠાર

શ્રીનગર , તા. ૨૭

જમ્મુ કાશ્મીરના કિશ્તવરમાં ૨૦ વર્ષ પછી જૈશ-એ-મોહમ્મદનો પૂર્વ આતંકી ઝડપાયો હતો. અને ૨૦૦૧થી અપહરણ અને હત્યાના કેસમાં નાસતો ફરતો હતો. ૨૦ વર્ષ પછી આ આતંકીને પોલીસે બાતમીના આધારે ઝડપી પાડયો હતો. આ વિસ્તારમાંથી છેલ્લા ૧૦ દિવસમાં ચાર આતંકી ઝડપાયા છે.

જમ્મુ રેલવે સ્ટેશન પાસેથી તોયબાનો પાકિસ્તાની આતંકી ઝડપાયો છે. આ આતંકી મોટા હુમલાની ફિરાકમાં હતો. દરમિયાન પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાંથી આઠ આતંકીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. જેમાં આઈએસના આતંકીઓનો પણ સમાવેશ થાય છે. જમ્મુ કાશ્મીરના બંદીપોરા જિલ્લામાં લશ્કરે તોયબાના બે આતંકીઓ ઠાર માર્યા ગયા હતા. માર્યા ગયેલા આતંકીઓએ ગયા વર્ષે ભાજપના નેતા વસીમ બરી અને તેમના બે સભ્યોની હત્યા કરી હતી.

## ખેડુતોના આંદોલન દ્વારા ભારત બંધના એલાન થી દિલ્હી એનસીઆરમાં ટ્રાફિક જામથી ખરાબ હાલત

નવી દિલ્હી , તા. ૨૭

ખેડૂત નેતા રાકેશ ટિકૈતે પણ લોકોને વિનંતી કરી હતી કે, સાંજના ૪:૦૦ વાગ્યા સુધી ઘરની બહાર ન નીકળતા નહીં તો જામમાં ફસાઈ જશો. જોકે રાકેશ ટિકૈતે કહ્યું હતું કે, કોઈ પણ એમ્બ્યુલન્સ કે અન્ય કોઈ જરૂરી વાહનને નીકળવા માટે રસ્તો આપવામાં આવશે. ખેડૂત સંગઠનોએ કૃષિ કાયદાના વિરોધમાં આજે ભારત બંધની જાહેરાત કરેલી છે.

ખેડૂત સંગઠનોનું આ ભારત બંધ સવારે ૬:૦૦ વાગ્યાથી સાંજના ૪:૦૦ વાગ્યા સુધી ચાલશે. દિલ્હીની સરહદોએ પહેલેથી જ હજારો ખેડૂતો ઉપસ્થિત છે તેવામાં હવે ભારત બંધના એલાનના કારણે દિલ્હી, યુપી અને આસપાસના વિસ્તારોમાં જામની સ્થિતિ છે. દિલ્હી-ગુરૂગ્રામ સરહદેથી સોમવારે સવારે એક ખૂબ જ ચોંકાવનારી તસવીર સામે આવી છે. બોર્ડર પર ગાડીઓની ખૂબ જ લાંબી લાઈનો જોવા મળી રહી છે અને રસ્તા પર હજારો ગાડીઓ દેખાઈ રહી છે. ખેડૂતોના પ્રદર્શનના કારણે અનેક જગ્યાએ રસ્તાઓ બંધ છે, તેવામાં આજે સોમવારના કારણે ઓફિસ જવા માગતા લોકોને મુશ્કેલી પડી રહી છે અને ગુરૂગ્રામ બોર્ડર પર ભયાનક જામ જોવા મળી રહ્યો છે. આ રૂટ સિવાય પણ અનેક જગ્યાએ ખેડૂતોના પ્રદર્શનની અસર જોવા મળી રહી છે.

દિલ્હી-અમૃતસર હાઈવે, દિલ્હી-અંબાલા, દિલ્હી-ચંદીગઢના રસ્તાઓ પર ખેડૂતોએ માર્ગ પર જ જામ લગાવી દીધો છે. દિલ્હીની ગાઝીપુર બોર્ડર, સિંધુ બોર્ડર, એન-એચ ૯, એન-એચ ૨૪ પર પણ ખેડૂતોના પ્રદર્શનના કારણે જામ લાગ્યો છે. ખેડૂત સંગઠનો દ્વારા સોમવારે હરિયાણાના બહાદુરગઢ ખાતે રેલવે ટ્રેક પર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. બિહારના પટના ખાતે પણ રાજદના કાર્યકરો ખેડૂતોના સમર્થનમાં રસ્તાઓ પર ઉતર્યા છે.

# કૃષિ કાયદા વિરોધમાં ખેડૂતોનું ભારત બંધ આંદોલનને ટ્રેડ યુનિયન્સનું સમર્થન

નવી દિલ્હી , તા. ૨૭

સંયુક્ત કિસાન મોરચાના સમર્થનમાં અનેક પ્રાઈવેટ ટ્રાંસપોર્ટ અસોસિએશન પણ જોડાયા છે. વિપક્ષોએ ખેડૂતોના ભારત બંધને સમર્થન આપ્યું છે. દરમિયાન ખેડૂત નેતાઓએ લોકોને અપીલ કરી છે કે તેઓ કારણ વગર ઘરની બહાર ન નિકળે કેમ કે ઘરની બહાર નિકળવાથી તેમને પરેશાનીનો સામનો કરવો પડી શકે છે.

ઉત્તર પ્રદેશના પશ્ચિમી હિસ્સામાં ઘટનાક્રમ બહુ જ તેજ બની ગયો છે. ખેડૂતોનો ગઢ અને ખાસ કરીને શેરડીનો પાક લઈ રહેલા ખેડૂતોનો ગઢ ગણાતા પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં મહાપંચાયતોનો દોર જારી છે. થોડા દિવસ પહેલા જ રાકેશ ટિકૈતે મહાપંચાયત બોલાવી હતી. ત્યાં જ હવે ફરી મહાપંચાયત યોજાઈ છે. જેમાં મુળ મુદ્દો કૃષિ કાયદાનો વિરોધ નહીં પણ ખેડૂતોની સમસ્યાઓ છે.લોકોને ભારત બંધમાં સમર્થન આપવાની અપીલ પણ કરવામા આવી છે. ખેડૂતોએ અપીલ કરી છે કે નાનાથી લઈને મોટા વેપારીઓ ભારત બંધમાં જોડાય અને પોતાની દુકાનો, માર્કેટ, વેપાર વગેરેને બંધ રાખે અને એક દિવસ માટે આ બંધમાં જોડાય. કેન્દ્ર સરકારના કૃષિ કાયદાઓની વિરૂદ્ધમાં ખેડૂતોએ ૨૭મી તારીખે ભારત બંધની જાહેરાત કરી હતી.

ખેડૂતોના ભારત બંધને બધા જ વિપક્ષોએ સમર્થન આપ્યું છે. સંયુક્ત કિસાન મોરચા (એસકેએમ)ની આગેવાનીમાં ૪૦ ખેડૂત સંગઠનોએ ૨૭મીના ભારત બંધને સમર્થાન આપવા લોકોને અપીલ કરી છે. ખેડૂતોના ભારત બંધથી કૃષિ કાયદા વિરૂદ્ધના આંદોલનને વધુ તેજ બનાવવામાં આવશે. ભારત બંધ દરમિયાન વિવિધ સ્થળોએ ખેડૂતો દ્વારા રેલીઓ કાઢવામાં આવશે તેમજ ધરણા પ્રદર્શન પણ કરવામાં આવશે. સંયુક્ત કિસાન મોરચાએ કહ્યું છે કે ભારત બંધનું આયોજન સવારે છ વાગ્યાથી સાંજે ચાર વાગ્યા સુધી ચાલશે.

આ દરમિયાન દરેક સરકારી અને ખાનગી કચેરીઓ, શિક્ષણ અને અન્ય સંસ્થાઓ, દુકાનો, ઉધ્યોગ અને વેપારી સંસ્થાઓ બંધ રહેશે. જયારે બીજી તરફ બંધ દરમિયાન હોસ્પિટલ, ઈમર્જન્સી સેવાઓ, મેડિકલ સ્ટોર્સ, રાહત તેમજ બચાવ કાર્યો વગેરે ખુલ્લા રહેશે. જે પણ વિસ્તારોમાં ખેડૂતો ધરણા પ્રદર્શન પર બેઠા હોય ત્યાંથી જો કોઈ એમ્બ્યૂલંસ પસાર થવાની હોય તો તુરંત જ રસ્તો કરી આપવામાં આવશે. માલવાહક મોટર વહીકલને દિલ્હીની અંદર કે બહાર જવા નહીં દેવાય.

## તંત્રી સ્થાનેથી...

# નાસ્તા શોખીનો ચાઇનીઝ-પંજાબી નાસ્તામા આજીમોટો ઝેર આરોગે છે કે શું......?

*કોરોના હવે ખતમ થવા તરફ જઈ રહ્યો છે તે સાથે દેશ ભરમાં સરકાર દ્વારા વેક્સિન આપવાનું અભિયાન જોર શોરથી ચાલી રહ્યું છે. જ્યારે કે વિશ્વના કેટલાક દિવસો કોરોના મહામારીનો સામનો કરી રહ્યા છે. દેશમાં કોરોના કેસો નહીવત રહેતા સરકારે દેશભરમાં મોટાભાગના બિઝનેસ ક્ષેત્રો સહિતના આમ પ્રજા સાથે જોડાયેલા તમામ પ્રકારના ધાર્મિક સામાજિક સહિતના વિવિધ કાર્યક્રમો માટે છૂટછાટ આપી દીધી છે. પરિણામે આમ પ્રજામાં મોટો હાશકારો થયો છે. પરંતુ વિવિધ છૂટછાટો મળતા બહારનો નાસ્તો કરતા નાસ્તા પ્રેમીઓ પાવભાજી, વડા પાઉં કરતા ચાઈનીઝ તથા પંજાબી લારીઓ અને નાસ્તા હાઉસો-સ્થળો પર વધુ તૂટી પડ્યા છે તેમાં પણ યુવાધન મોટા પ્રમાણમાં હોય છે.સાજે લટાર મારવા નીકળો તો ચાઈનિઝ નાસ્તા બનાવતા સ્થળો પર વધુ ભીડ જોવા મળે છે.... પણ સ્વાદિષ્ટ બનાવતા ચાઈનીઝ ખાદ્યોમાં આજીનોમોટો વાપરવામાં આવે છે જે એક ધીમું પરંતુ તીવ્ર ઝેર છે્. સફેદ રંગનો ચમકતો પદાર્થ "મોનોસોડિયમ ગ્લુટામેટ'" એટલે આજીનો મોટો ક્ષાર.... દેશમા મોટાભાગના લોકો આ શું પદાર્થ છે તે જાણતા જ નથી.....! આજીનો મોટો ધીમુ નહી પરંતુ તીવ્ર ઝેર છે....સફેદ રંગનો ચમકતો પદાર્થ એટલે કે આજીનોમોટો સોડિયમ ક્ષાર. જે સ્વાદ વધારવા માટેનું કેમિકલ ચાઇનીઝ પંજાબી વાનગીઓ માં ઉપયોગમાં લેવાય છે. આને કારણે આવું ખાનારની સ્વાદ ગ્રંથીની ક્રિયા ધીમી કરી નાખે છે તેથી તમને ખોરાકના સ્વાદની ખબર જ ન પડે.. અને આજીનોલોટ ખોરાકની નબળી ગુણવત્ત છુપાવવા વાપરવામાં આવે છે. જે આરોગ્ય માટે ખૂબ જ ખતરનાક છે. ગુજરાતમાં આરોગ્યતંત્ર છે તો રાજ્યભરના નાના-મોટા શહેરોમાં પણ લોકોના આરોગ્ય સાથે ચેડાં ન થાય કે લોકોના આરોગ્યની જાળવણી માટે અનેક પ્રકારના ખાદ્ય ખોરાકોની ચકાસણી કરે છે. જેમાં ખાસ તો મીઠાઈઓ અને ફરસાણ ની દુકાન ઉપર ખાસ તપાસ કરે છે.અત્યારે અનેક સ્થળોએ આરોગ્ય તંત્ર ખાદ્ય પદાર્થોની તપાસ કરી રહ્યું છે. પરંતુ તંત્રને જેનુ જ્ઞાન માહિતી છે તેની તપાસ કરાવે છે. પંજાબી- ચાઇનીઝ ખાવાની વાનગીઓ બનાવતા સ્થળો પર તપાસ કે ચકાસણી કરતા નથીપ..! જાણકારી મુજબ આ માટે આરોગ્ય તંત્રએ ધ્યાન જ આપ્યું નથી એમ કહીએ તો ખોટું નથી.....!*

*જેને "આજીનોમોટો" કહીએ છીએ તે એક કંપનીનું નામ છે આ પદાર્થ મેલ્ટ થઈને વેજીટેબલ્સ પર કોટિંગ થઇ જાય છે. એટલે તેના સ્વાદ સુગંધ નાશ પામતા નથી... પરંતુ ખાનારને ખબર નથી કે "એમએસજી" પાચન કે ન્યુ ટ્રેશન માટે હાનિકારક પદાર્થ છે. હવે તેનાથી થતા નુકસાન જોવામાં આવે તો ખટાશ સાથે આજીનો મોટો ખાવામાં આવે તો શરીર પર ખંજવાળ આવે છે, ફોલ્લીઓ થાય છે, માથાનો દુખાવો, પરસેવો, ચક્કર આવવા જેવા રોગો નાના મોટા દરેકને થાય છે. તેનો વધુ ઉપયોગ મગજને પણ નુકસાન પહોંચાડી શકે છે, શરીરમાં પાણીની અછત ઊભી કરે છે, મોઢા પર સોજિ કે ચામડી ખેચાવી જેવી આડઅસરો થાય છે. તેનો વધુ ઉપયોગ ધીમે ધીમે શરદી, ખાંસી, આળસુપણુ,થાક લાગવો, છાતીમાં દુખાવો, શ્વાસની તકલીફ વગેરે ધીરે ધીરે થતાં જાય છે. આ સિવાય પેટમાં દુખાવો અને જાડા જેવી સામાન્ય આડઅસરો પણ થાય છે તેમજ આજીનોમોટો પગના સ્નાયુનો દુખાવો હાડકાને નબળા કરે છે, માથામાં સતત દુખાવો રહેતો હોય તેને ચાઇનીઝ પંજાબી વસ્તુ ખાવાની બંધ કરી દેવી જોઈએ. આજીનો મોટો બાળકો માટે ખૂબ હાનિકારક છે... મેગી- નૂડલ્સ ખાનારા બાળકો માથાના દુખાવાની ફરિયાદ કરે છે. ઉપરાંત તેમના શારીરિક, માનસિક વિકાસને પણ અસર કરે છે અને સ્થૂળતા પણ આવી જાય છે. ત્યારે હવે ચાઇનીઝ- પંજાબી વાનગી ખાનારાઓએ ચેતી જવાની જરૂર છે. તે સાથે રાજ્યના આરોગ્ય તંત્રએ આ બાબતમા ઊંડા ઊતરી ચકાસણી કરી પગલા લેવા પણ જરૂરી છે.....!*

*વંદેમાતરમ્*

મહાશિવ,
દોસ્ત મારા, કલિયુગ છે,
આ સતયુગ નહી,
જો આજે શિવ પણ વિષપાન કરશે,
તો દેવ પણ એને ડિપ્લોમસી જ કહેશે.
કોઈ ઊંડા ષડયંત્રની કડી છે એમ જ માનશે,
આજે કોણ કોના માટે વિષપાન કરે છે?
અન્યનું દુ:ખ કોણ જીવે છે?
પણ તમે ? તમે તો અન્યના હિસ્સાનું વિષપાન જ નથી કરતા,
તમારા હિસ્સાનું અમૃત પણ એમને આપી દો છો.
બસ, રહેવા દો હવે,
અન્યના પથના કાંટા વીણવાનું રહેવા દો,
તમારા પગ તરફ તો નજર કરો,
ચારણી થઈને રહી ગયા છે,
અને લોહી ઝમે છે એમાંથી,
એ વહેમ છોડી દો કે,
એ વહેતા લોહીથી કાંટાની તૃષા છીપશે,
તૃપ્ત થવાની એમની પ્રકૃતિ નથી,
એ અતૃપ્ત છે અને અતૃપ્ત જ રહેશે.
દોસ્ત મારા, યુગને ઓળખ,
મહાશિવ બનવાનું રહેવા દે




**સોનમ (સોનિયા)અક્સ**
**ભાવાનુવાદ-રાજુલ કૌશિક**

# ગુજરાતમાં ભૂપેન્દ્ર સરકાર આવ્યા બાદ બદલીને લઈને આઈએએસ, આઈપીએસની ચિંતા વધી

ગાંધીનગર ,તા.૨૭

પૂર્વ મુખ્યમંત્રી રુપાણીના સત્તા છોડતા પહેલાં જ મોટાપાયે આઈએએસની બદલીઓનો ગંજીપો ચીપાયો હતો. એ ફેરબદલ સ્વાભાવિક પણે જ આગામી ૨૦૨૨ની ચૂંટણીને ધ્યાનમા લઇને કરવામા આવી હતી. પરંતુ હવે રુપાણી જ ન રહેતા બદલી લઇને નવા ડિપાર્ટમેન્ટમાં જઇને માંડ સેટ થયેલા આઇએએસ અધિકારીઓને ફડક પેઠી છે કે હજુ માંડ- માંડ તેઓ નવા ડિપાર્ટમેન્ટમાં આવીને ઠરીઠામ થયા છે ત્યાં શું ફરીથી ભૂપેન્દ્ર સરકાર તેમને બદલશે? એ ફડકમાં હાલ તેઓ તેમના ડિપાર્ટમેન્ટના મોટા નિર્ણયોને લઇને દ્વીધામાં છે. તો વળી કી પોઝિશન પર બિરાજેલા કેટલાક અધિકારીઓ રુપાણી લોબીના નહીં હોવા છતાં તેમને લાગી રહ્યુ છે કે ભૂપેન્દ્ર પટેલ તેમના સ્થાને હવે પોતાના વિશ્વાસુને મૂકશે. આમ આ પ્રવાહી સ્થિતિ એ તમામ અધિકારીઓને અસમંજસમાં મૂકેલા છેગુજરાતની એજ્યુકેશન સિસ્ટમ ને ધરમૂળથી બદલીને તેને એક સ્તર સુધી લઈ જવા માટે સતત મહેનત કરનારા અધિકારી વિનોદ રાવ ને જશના બદલે જોડા પડ્યા છે! સૂતાં સૂતાં નોકરી કરવાની જેમને આદત પડી છે તેવા શિક્ષકો અને રેઢીયાળ એજ્યુકેશન સિસ્ટમને લઈને વિનોદ રાવે છેલ્લા કેટલાક સમયમાં ઘણા આંચકા જનક નિર્ણયો કર્યા છે. પરિણામે એજ્યુકેશન સિસ્ટમ સાથે સંકળાયેલા મોટાભાગના શિક્ષકો અને કર્મચારીઓ ઈચ્છે છે કે કોઈપણ કાળે વિનોદ રાવને એજ્યુકેશન ડિપાર્ટમેન્ટમાંથી હટાવવામાં આવે. જોકે, તેમની એ આશા ફળીભૂત થતી નથી. એટલે અવારનવાર તેઓ રાવને લઈને કોઈને કોઇ ગૂગલી સોશિયલ મીડિયા માં નાંખતા રહે છે. એમાંની જ આ વીકની સૌથી હોટ ગૂગલી એ હતી કે: 'વિનોદ રાવને હવે પીએમઓમાં પોસ્ટિંગ મળ્યુ છે. વિનોદ રાવને અભિનંદન...' આ મેસેજ એ હદે સ્પ્રેડ થયા કે વિનોદ રાવ લોકોને ટેલિફોનિક અભિનંદનના ખુલાસા આપતાં આપતાં થાકી ગયા. અમદાવાદ પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે જમીનની કોઈપણ અરજી હોય કે ૨૫ લાખ રુપિયાથી મોટી કોઇ પણ વસ્તુ હોય તો તે મુદ્દે એફઆઈઆર નોંધતા પહેલા સીપીની મંજૂરી લેવી જરુરી છે- તેવો એક નિર્ણય કર્યો છે. પરંતુ, અમદાવાદના એક ડીસીપી સીપીની ઉપરવટ જઇને જમીનની અરજીઓ અને નાણાની લેતીદેતીની અરજીઓ ડાયરેક્ટ એમની ઓફિસમા મંગાવે છે અને જાતે જ તપાસ કરે છે. જ્યારે સીપીના ધ્યાનમાં આવ્યુ ત્યારે , તેમણે આ અધિકારીને ચેતવણી આપી હતી, એટલું જ નહી સરકારમાં તેમના વિરુદ્ધ લખવાના પણ હતા. પરંતુ, વોર્નિંગથી સુધરી જશે તેવું માની લખવાનુ માંડી વાળેલું. જોકે, હજુ આ અધિકારી સુધર્યા નથી. સીપીની ઉપરવટ જઇને અરજીઓ મુદ્દે તોડપાણી અને સમાધાનની બેઠકો તેમની ઓફિસમાં જ થાય છે. હાલ પાંચ પૈસાના ભાગમાં તેઓ નડિયાદમાં એક બિલ્ડિંગ સ્કીમ તેઓ ઊભી કરી રહ્યા છે. ૧૯૯૬ બેચના એક આઈપીએસ હાલ ગુજરાત સરકારમાં એડીશનલ ડીજી છે. ગયા વર્ષે તેઓ બીએસએફના ડેપ્યુટેશન પરથી પરત આવ્યા તા. ત્યારબાદ તેમને એસઆરપીના ઈન્ચાર્જ ડીજી બનાવાયા હતા. પરંતુ ૯૯૫ની બેચના એક અધિકારી કેન્દ્રના ડેપ્યુટેશન પરથી પરત આવતા તેમને આર્મસ યુનિટના એડીશનલ ડીજી બનાવાયા અને ૧૯૯૬ની બેચના બીએસએફ ડેપ્યુટેશન પર ગયેલા અધિકારી તેમનાથી જુનિયર હોવાથી તેમને રાજકોટ યુનિટમાં એડીશનલ ડીજી બનાવાયા હતા. પરંતુ આ અધિકારી રાજકોટ રુબરુ જવાને બદલે ગાંધીનગર ડીજીપી ઓફિસ બેઠા જ સમગ્ર વહીવટ ચલાવે છે. એટલું જ નહી રાજકોટથી તમામ ફાઇલો પણ ડીજીપી ભવન મંગાવાય છે. ન તો ડીજીપી આશિષ ભાટિયા તેમનો રાજકોટ નહી જવા મુદ્દે જવાબ માંગે છે, ન તો આર્મસ યુનિટના હેડ કે જેઓ આ અધિકારીના સિનિયર છે- તેઓ તેમનો કોઇ રિપોર્ટ લે છે. આ અધિકારીએ ખરેખર તો રાજકોટ ઓફિસમાં હાજર રહેવું પડે પરંતુ, એના બદલે કોની રહેમ નજર હેઠળ તેઓ ડીજીપી ઓફિસ બેઠાં બેઠાં વહીવટ ચલાવી રહ્યા છે.

# સ્કુલ ઓફ લો ફોરેન્સીક જસ્ટિસ એન્ડ પોલીસી સ્ટડીઝનું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા.૨૭

રાષ્ટ્રની સામાન્ય પ્રજાના પ્રશ્નોના સંતોષકારક નિરાકરણ લાવવામાં આ યુનિવર્સીટમાં ચાલતા અભ્યાસક્રમો મદદરૂપ બની રહેશે. આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટીસ આર.એમ.છાયા, રાજ્યના કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર જે.એન.વ્યાસ તેમજ રાજ્ય વડી અદાલતના વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ, ન્યાયવિદો, વિદ્યાર્થીઓ સહિત ઉપસ્થિત રહ્યા હતા.લોકોમાં ગુના કરવાની વૃત્તિ થાય નહી તેવું વાતાવરણ ઉભું કરીશું. સ્કુલ ઓફ લો ફોરેન્સીક જસ્ટીસ એન્ડ પોલીસી સ્ટડીઝ ટેકનો લિગલ એક્સપર્ટ ટેકનોલોજીથી સુસજ્ઝ નિષ્ણાંતોનું માનવબળ દેશને પુરૂ પાડશે.

ઉપરાંત ડિજિટલ ફોરેન્સિક એન્ડ સાયબર બનાવોને અટકાવવામાં મજબૂત પરિબળ બની રહેશે તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ફોરેન્સિક યુનિવર્સિટી ખાતે સ્કુલ ફોર લોના ઉદ્ઘાટન પ્રસંગે જણાવ્યું છે. વર્તમાન સમયમાં ગુના પ્રકાર બદલાયા છે. ત્યારે ગુનેગારેને પકડવા અને ઝડપી ચુકાદા આપવામાં ફોરેન્સીક સાયન્સ એન્ડ જસ્ટિસન અસરકારક પુરવાર થશે. સ્કુલ ઓફ લો-ફોરેન્સીક જસ્ટીસ એન્ડ પોલીસી સ્ટડીઝ દ્વારા ડેટા સાયન્સ એન્ડ લો ના સમન્વય સાથેના અભ્યાસક્રમોથી ન્યાયિક પ્રક્રિયામાં ભવિષ્યમાં ઝડપ આવશે. ઉપરાંત ફોરેન્સીક સાયન્સની મદદથી પુરાવાઓને અદાલતમાં રજુ કરવામાં પણ સરળતા થશે અને ડિઝીટલ ફોરેન્સીક તથા સાયબર ગુનાઓને અટકાવવામાં એક મજબુત સિસ્ટમ ઉભી થશે.

માત્ર ૧૨ જ વર્ષમાં વિશ્વના ૭૦થી વધુ દેશોમાં આ યુનિવર્સીટીએ આગવી ઓળખ ઉભી હોવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્કુલ ઓફ લો ફોરેન્સીક જસ્ટિસ એન્ડ પોલીસી સ્ટડીઝના ઉદ્ઘાટન પ્રસંગે જણાવ્યું છે. આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રિય કાયદા મંત્રી કિરણ રિજ્જુએ કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા આ યુનિવર્સિટીને જરૂરી એવી તમામ સહાય ઝડપથી પૂરી પડાશે. એનએફએસયુની કૌશલ્યતા, જ્ઞાન તજજ્ઞોનો લાભ ગુજરાતના આંગણેથી સમગ્ર દેશને મળતો થયો છે. અન્ય રાજ્યોને પણ ફોરેન્સીક યુનિવર્સિટીની મુલાકાત લેવી જોઈએ. ઈન્ડિયાની ન્યાયિક પ્રક્રિયા વધુ ગતિશીલ ને પ્રગતિશીલ બનાવવામાં આ સ્કુલ મહત્વનો ફાળો આપશે.

# આરોગ્ય અને શિક્ષણમાં ભ્રષ્ટાચાર સામે એક આક્રોશ સાથે,એક અડગતા સાથે, એક બની આગળ વધો...

હિન્દુ ના મુસ્લિમ... ના ભાજપ ના કોંગ્રેસ..ના આમ આદમી કે ખાસ આદમી...જો દરદ હોય તો મરદ લોકો આગળ વધો... વોટસએપીયા વાઘ ? સોશિયલ મીડિયાના શેર...?

આરોગ્ય અને શિક્ષણમાં ભ્રષ્ટાચાર સામે એક આક્રોશ સાથે,, એક અડગતા સાથે, એક બની આગળ વધો...

ઝોલાં છાપ ડૉક્ટર અને ઝોલાં છાપ શિક્ષકો દ્વારા આપણા શારીરિક આર્થિક અને બૌદ્ધિક વિકાસ સામે ખતરો પેદા કરવામાં આવી રહ્યો છે.

ઝોલાં છાપ ડૉક્ટર સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવે છે તો પછી ઝોલાં છાપ શિક્ષકો સામે કાનૂની કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી ?

જુઓ જ્યાં મકાન નથી ઘાસફૂસ ને ખુલ્લી જગ્યામાં બબ્બે શાળાને મંજૂરી આપવામાં આવી છે.

૩૫ કરતાં વધુ શાળાઓને યોગ્ય મકાન નથી... શાળાઓને માન્યતા આપી છે.

૧૩૦૦ કરતાં વધુ શાળાઓની ફાઈલ ઉપર કોબ્રા સાપની જેમ બેઠેલા અધિકારી રાજ્ય માહિતી આયોગના આદેશનું પાલન કરતાં નથી.

જે શાળાઓના અલગ સ્વતંત્ર આવક જાવક ના હિસાબો નિભાવવામાં આવ્યાં નથી. એનાં અલગ અલગ એકાઉન્ટ નથી. એવી શાળાઓની લાખો રૂપિયા ફી મંજૂર કરવામાં આવી છે.

લાખો રૂપિયાની લુંટ પકડી પોલ ખોલ થૈ ગઈ છે છતાં ડીઈઓ



સુરત દ્વારા સરકારને કરોડોનો ચૂનો ચોપડી પાછલે બારણેથી મલાઈ કાળી કમાણી કોફતાની મિજબાની માણી રહ્યા છે.

ડીઈઓ સૂરતની કચેરી ખાતે નાના મોટા કામ માટે કટકી વહીવટ ચાલે છે.

જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા જતે સરકારનાં કાયદાનું પાલન કરતાં નથી. ઝોલાં છાપ શિક્ષકોની ઠેર ઠેર વણઝાર ચાલી રહી છે.

વાલીઓને વાલિયા વંશજ લુંટી રહ્યાં છે... સરકારી ધોળા કાગડાઓ કરપશન કરી કરાવી હપ્તારાજ ચલાવી રહ્યા છે.

સરકારી અધિકારીઓ સરકારી દસ્તાવેજ ફાઈલ ગૂમ કરી ચૂક્યા છે.

પોર્ન ફિલ્મ લીક પ્રકરણ,,, બોગસ આવક દાખલા કૌભાંડ.. થી લદબદ શિક્ષણ અધિકારી એચ એચ રાજ્યગુરુ સામે શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા ખાતાકીય તપાસ માટે લેટરો લખી મોકલી રહી છે.

ચોંકી જશો... નવાઈ લાગશે...

રાજ્યગુરૂ સામેના આક્ષેપ આરોપની તપાસ રાજ્યગુરૂ જાતે જ કરી રહ્યા છે.

પોર્ન ફિલ્મ શોખીન×× હ્યુમન એરર ××પાસે શું આશા રાખશો ?

શિક્ષણ હિતચિંતકો, નવયુવાનો, સમાજ સુધારકો, સામાજિક કાર્યકર નેતાઓ, વાલીઓ. વિદ્યાર્થીઓ...

દરદ હોય તો મરદ લોકો આગળ વધો...

આપણા ગુજરાતમાં સૌ પ્રથમ યુનિવર્શલ પેરેંટ્સ અશોશિયેશન સુરતની રચના કરવામાં આવી છે...

કોઈ પણ પ્રકારના ફંડ ફાળા ફી નિષેધ છે.

સંપુર્ણ લોકશાહી ઢબે વાલીમંડળની રચના અને એના રજીસ્ટ્રેશન માટે કાર્યવાહી ચાલું છે.

આપ આપનું નામ અને સરનામું નોંધાવી સભ્ય તરીકે કાર્યરત થઇ શકો છો.

દિપક પટેલ સુરત જનતા દરબાર સંયોજક ગુજરાત

મુક્ત મને વિહરતો સદા, છતાં હું પિંજરામાં કેદ છું,
માણસ છું છતાંય નથી માનવી, વણઉકલ્યો ભેદ છું.
તમારી જ આંખોના અરીસે કાયમ ના માપો મુજને,
વાંચો તો સરળ નહીં તો મંદિરમાં ધૂળ ખાતો વેદ છું.
બહારથી તો હંમેશા દેખાતો સૂકા કાષ્ઠ જેવો કડક,
ભીતર સુધી જરા આવો હું વાંસળી માંહ્યલો છેદ છું.
હા, થાય છે મારાથી પણ કેટલીક નાની મોટી ભુલો,
હૃદય ચીરીને જરા જુઓ ભીતરથી ધૂંધવાતો ખેદ છું.
જન્મજાત સ્વભાવથી છું હું થોડો અટપટોને અલગ,
ના તારવો મુજને જુદો, તમારા જેવો જ અભેદ છું.



**નિખિતા ઘાડિયા**
**(જામનગર)**

# ઇટવા પ્રાથમીક શાળાના સાયન્સ શિક્ષકની બદલી કરવા અરવલ્લી કલેક્ટરને રજુઆત

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ગુજરાત રાજયમાં ખાસ કરીને સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સાથે શિક્ષકોની અનિયમિતતા અંગે વ્યાપક ફરિયાદો થતી હોય છે.અરવલ્લી જીલ્લામાં પ્રાથમીક શાળામાં ફરજ બજાવતા કેટલાક શિક્ષકો અનિયમિત અને સમયસર શાળાએ ન પહોંચતા હોવાની બૂમો સતત ઉઠી રહી છે અંતરિયાળ વિસ્તારોમાં ગુલ્લીબાજ શિક્ષકો વારંવાર ગુલ્લી મારવામાં માહેર છે ગુલ્લીબાજ શિક્ષકો અંગે વાલીઓ-વિદ્યાર્થીઓ અને અન્ય શિક્ષકો દ્વારા રજૂઆતો કરવામાં આવતી હોય છે પરંતુ આચાર્ય સહીત સ્થાનિક તંત્રની ગોઠવણના કારણે આવા ગુલ્લીબાજ શિક્ષકોને જલસા પડી જાય છે

મેઘરજ તાલુકાના ઇટવા પ્રાથમીક શાળા.નં-૧ માં ગણિત-વિજ્ઞાન વિષયના શિક્ષક તરીકે ફરજ બજાવતા હર્ષદ શાંતિલાલ ભટ્ટ વારંવાર ગેરહાજર રહેતા શાળામાં અભ્યાસ કરતા બાળકોનો અભ્યાસ બગડતા જીલ્લા પંચાયત ઉપ પ્રમુખ કનુભાઈ માનતે જીલ્લા કલેકટરને લેખીત રજુઆત કરી શિક્ષકની બદલી કરી જીલ્લા પંચાયય સંલગ્ન કચેરીમાં નીચા ગ્રેડ પે ઓફિસમાં પટાવાળા કે ક્લાર્ક તરીકે મુકવામાં આવેની માંગ કરી છે

મેઘરજ તાલુકાના ટ્રાયબલ અને રાજસ્થાન બોર્ડર પર આવેલી ઈટવા પ્રાથમિક શાળા.નં-૧ માં ૧૪૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે શાળામા મુખ્ય વિષયના શિક્ષક હર્ષદભાઈ શાંતિલાલ ભાઈ સતત ગેરહાજર રહેતા હોવાથી તાલુકા શિક્ષણાધિકારીએ નોટીસ આપી હોવા છતાં અનિયમીત રહેતા ગ્રામજનો અને એસએમસી કમીટી દ્વારા રજુઆત જીલ્લા પંચાયત ઉપપ્રમુખ કનુભાઈ મનાતને કરતા વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય ન બને તે માટે જીલ્લા કલેકટરને લેખીત રજુઆત કરી હોવાનું જણાવ્યું હતું

## ધનસુરા જવાહર નવોદય વિદ્યાલય ખાતે

# ધોરણ ૯માં લેટરલ એન્ટ્રી પરીક્ષા માટે ૩૧ ઓક્ટોબર સુધી ઓનલાઈન અરજી કરી શકાશે

મોડાસા

વર્ષ ૨૦૨૨-૨૩ માં ધોરણ ૯ માં ખાલી પડેલી જગ્યાઓ સામે પ્રવેશ માટેની લેટરલ એન્ટ્રી પરીક્ષા ૨૦૨૨ માટે ઓનલાઈન અરજી અરજી કરી શકાશે.

અરવલ્લી ધનસુરાની જવાહર નવોદય વિદ્યાલય ખાતે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ધોરણ ૯ ખાલી પડેલી જગ્યાઓ સામે પ્રવેશ માટેની લેટરલ એન્ટ્રી પરીક્ષા તારીખ ૦૯ એપ્રિલ ૨૦૨૨ના રોજ યોજાશે.

ચાલુ શૈક્ષણિક સત્ર ૨૦૨૧-૨૨ માં અરવલ્લી જીલ્લાની કોઈપણ સરકારી/સરકારમાન્ય શાળામાંથી ધોરણ ૮ નો અભ્યાસ કરતા હોય તથા ૦૧ મે ૨૦૦૬ અને ૩૦ એપ્રિલ ૨૦૧૦ (બન્ને દિવસો સમાવિષ્ટ) વચ્ચે જ જન્મેલા હોય તેવા ઉમેદવારો આ પ્રવેશ પરીક્ષા આપી શકશે.

આ પ્રવેશ પરીક્ષા અંગેની વિગતવાર માહિતી માટે નવોદય વિદ્યાલય સમિતિની વેબસાઈટ www.navodaya.gov.in y Ú k ð k www.nvsadmissionclassnine.in ની મુલાકાત લેવાની રહેશે.

આ પ્રવેશ પરીક્ષા આપવા માટે નવોદય વિદ્યાલય સમિતિની વ ે બ સ ા ઈ ટ www.navodaya.gov.in y Ú k ð k www.nvsadmissionclassnine.in ઉપર વિનામૂલ્યે ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા ચાલુ થઇ ગયેલ છે, અને આ પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૧ છે. અન્ય કોઈ માહિતી/માર્ગદર્શન માટે આ વિદ્યાલયનો સંપર્ક કરવો. એમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# અને સિંહણ જેવી કમલા હેરિસે તો રોકડું પરખાવ્યું હો.!

જેને હરાવવા અમેરિકા જઈને સ્પેશિયલ કાર્યક્રમો કર્યા હોય એના દરબારમાં જવાનું બને તો સીધાસાદા માણસને તો મરવા જેવું થાય. પણ શિયાળભાઈ તો ઝૂકી ઝૂકીને સલામ કરે એટલે ભલભલા સિંહ પણ પીગળી જાય. પણ સિંહણ જેવી કમલા હેરિસ પીગળ્યા નહીં. એણે તો સાહેબને લોકશાહી વિશે પાઠ ભણાવી દીધો. તમે ભારતમાં ગરીબો મજદૂરો ખેડૂતો દલિતો આદિવાસીઓ મુસ્લિમો પર અત્યાચાર કરો અને અમેરિકામાં તમને કોઈ કહે નહીં એવું તો બને નહીં. બાઈડને પણ ખાસ ભાવ આપ્યો નહીં. કરવું શું? મોઢા પર નાછૂટકે સ્માઈલ રાખવું પડે.

બાઈડન અને કમલા હેરિસ બોલે એ અભણને કાંઈ સમજાય તો નહીં પણ ઢોંગ તો કરવો પડે. નહેરુજી ઈંદિરા ગાંધી મનમોહન સિંહ અને રાજીવ ગાંધી ને અમેરિકામાં જઈને ઈંગ્લીશ બોલવાના ફાંફા પડતા નહીં. પણ ભક્તોને તો એમના ભગવાન જ મહાન છે.

આજતકની પત્રકાર અંજના ઓમ કશ્યપ પણ અમેરિકા પહોંચી ગઈ છે. સાહેબનું અમેરિકામાં કેવું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું છે એવું બતાવવા કોશિશ કરી. પણ એક ઢોલકી વગાડનાર ભાઈને પૂછયું તો એણે ચોખ્ખું કહી દીધું કે મને તો અહીં પૈસા આપીને બોલાવવામાં આવ્યો છે એટલે હું તો કલાકાર તરીકે આવ્યો છું. અંજનાએ બીજો ભાંગરો એ વાટયો કે લાઈવ આવીને અમેરિકા ના ન્યૂઝ પેપરમાં મોદી વિશે શું છપાયું છે એ બતાવવા કોશિશ કરી પણ અખબારોમાં જોયું તો એકપણ છાપામાં મોદીની નોંધ લેવામાં આવી નહોતી. ક્યાંય કોઈ ઉલ્લેખ જ નહોતો. લાઈવ ટેલિકાસ્ટ હતું. ભારી ફજેતી થઈ.

સાહેબે કમલા હેરિસની મુલાકાત અંગે ટ્વિટ કર્યા પણ કમલાએ એકપણ ટ્વિટ ના કર્યુ. અહીં પણ નહેરુ નડયા. વરસો પહેલાં નહેરુજીએ એમના સચિવ પી વી ગોપાલનની દીકરી શ્યામલાને અમેરિકા ભણવા મોકલી હતી. એણે ત્યાં ડોનાલ્ડ હેરિસ સાથે લગ્ન કર્યા. એ શ્યામલા અને હેરિસની દીકરી છે કમલા હેરિસ. જે હાલમાં અમેરિકાની ઉપપ્રમુખ છે અને સાહેબે એને હરાવવા અને ટ્રંપને જીતાડવા પ્રચાર કરેલો. આ મૂર્ખામી નું ફળ તો ભોગવવું જ પડે ને.

ગીતાબેન પટેલ




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૧૫ રચનાઓ વિષય :." વિશ્વ દીકરી દિવસ ની રચનાઓ(૨૮-૯-૨૦૨૧)

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

આપણા NOG સાહિત્ય સરિતા ગ્રુપ ના પરિવાર જનો ની દીકરીઓ ને અંતરથી દીકરી દિવસ ની શુભેચ્છાઓ સાથે મહાદેવ ના ખૂબ ખુબ ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ....સંચાલક, એડમિન ટીમ વતી...પ્રદીપ રાવલ

------------------------------------------

## NOG. SS. NO. 60

વિષયઃ દીકરી દિવસ
પ્રકારઃ પદ્ય અછાંદસ
શીર્ષક : દીકરી

ઘડીમાં હસતી, ઘડીમાં રમતી
ઘડીમાં પોતાનાં કરી લેતી દીકરી.
અસ્તિત્વ એનું સુગંધ સરીખું,
જીવનબાગ મહેંકાવે.
દીકરી હોય તો ઘરમાં સૌને
ચકલી જેમ ચહેકાવે.
ઘડીમાં રીસતી, ઘડીમાં માનતી
ઘડીમાં નિર્મળ હાસ્ય વહાવે દીકરી.
માનો ઠપકો, ડાંટ પિતાની
પલમાં દેતી ભૂલાવી દીકરી.
નવું કરવાનો ઉત્સાહ અનેરો,
ભરોસો ખુદ પર અદકેરો,
ખુદ સાથે ઘરને આગળ વધારે દીકરી.
શું ભણતર કે શું ગણતર,
જીવનનાં પાઠ સૌને શિખાડે દીકરી.
હતી કાલ તો ઢીંગલી જેવડી,
આજ ઘર આખાંને સંભાળે દીકરી.
માની બીમારી, પપ્પાની વસ્તુઓ
સઘળું એકસાથે સંભાળે દીકરી.
ખુદનું ભણતર, ઘરનું વાતાવરણ
સર્વ કંઈ સંભાળી લે દીકરી.
સ્નેહે લે સર્વેની સંભાળ,
એનાં જવાથી મૂરઝાય બાગ.
તો પણ કડવી સ્વીકારી હકીકત,
સાસર વાસ સિધાવે દીકરી.
દીકરો ભલે પહોંચાડે સ્વર્ગે,
પણ ભવ તો પાર ઉતારે દીકરી જ.

ભગવતી પંચમતીયા 'રોશની'

## NOG SS No-0011

વિષયઃ-વિશ્વ દીકરી દિવસ
પ્રકાર :- મૌલિક રચના
શીર્ષકઃ- જીવવા દે

દીકરી બનીને અવતરવા દયે મુજને,
પા પા પગલીથી આંગણું દિપાવવા દે.
દીકરી છું, એટલે અળખામણી છું મા?
જન્મતાં પહેલા એક પળ જીવવા દે.
તમારા ઘડપણની લાકડી મને બનવા દે,
મમતા ને પ્રેમનાં સહારે મને આવવા દે.
ઘરની શાંતિ બની, વ્હાલ કરીશ તમને,
તારા ઘરની તુલસીનો ક્યારો બનવા દે.
આંસુ લુછીશ સુખનો વાયરો બનીને,
દુઃખ તારું વહોરી લઈ હેત પામવા દે.
દુનિયામાં આવીને માગણી નહીં કરું,
પારકી છું ઘડીભર પોતાની થાવા દે.

મનોજકુમાર પંચાલ 'મન' પાલનપુર

------------------------------------------

## NOG:

લાડકડી દીકરી

મારા આયખા એ લીધી છે આંખની ઓળખ,
હરખના તેડાં અને અવસર આવ્યો આંગણીયે.
દીકરી થઈ ગઈ જુવાન, શોધી લીધુ સરનામું,
ઉંબરે ઊભી હરખાતી યૌવન આંબ્યુ આકાશ.
નીચી નજરે શરમાતી , મનમાં એતો હરખાતી,
કંચનવરણી સુંદરી ભિતરે ઓળઘોળ થાય.
ઉંબર શણગારી પિતૃ ઘેરથી પતિ?ગૃહે જાય,
પિયરના સંસ્કાર લઈ સાસરિયે સોહાય.
મન મૂકીને સાસરીયામાં ધૂપસળીની જેમ ફેલાય, મારી લાડકડી દૂધમાં સાકરની જેમ ભળી જાય.
આજ મારા અંતરના દીવે અજવાળુ પથરાય,
મારા મન મંદિરે અંતરથી આજ ઘંટારવ થાય.

મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ

------------------------------------------

## N O G S S N0 : 079

વિષય દીકરી દિન
શીર્ષક આશિષ
અછંદાસ પદ્ય

દીકરી નથી, પણ દીકરી છું
પ્રેમની ભાષા જાણું છું
લાડકોડમાં ઉછરી છું
મનગમતું પામી છું
માતા પિતાની છાયામાં
સ્નેહપૂર્ણ વાતાવરણમાં
અંતરથી તેમને ચાહ્યા હતા
અડધી રાતે દોડ્યા હતા
તેમના અંતર વાંચ્યા હતા
મનના ઓરતા પૂર્યા હતા
માતા પિતાના અંતર ઠાર્યા
અંત ઘડી તેમની ઉજાળી
આશિર્વાદ મન ભરી પામી
ઠાર્યા, ઠરીશ અશિષ પામી
આખરે સુંદર બે પૌત્રી પામી
કાળનું ચક્ર છે રહ્યું ફરી

------------------------------------------

## NOG SS No : 0015

વિષયઃ- વિશ્વ દીકરી દિવસ
પ્રકારઃ- ગીત
શીર્ષકઃ- દીકરી

દીકરી સૌની લાડકી રે હા દીકરી સૌની લાડકી
વ્હાલની વ્હાલી વેલડી જોને આંગણે મારા શોભતી
દીકરી મીઠી મોરલી રે હા દીકરી મીઠી મોરલી
ટાઢક થાતી □દયે એવી મીઠડી વાણી બોલતી.
દીકરી સુખની છાયડી રે હા દીકરી સુખની છાયડી
પારકી કે'વાતી છતા એ તો દુઃખમાં સૌના દોડતી.
દીકરી ઘરની શાયબી રે હા દીકરી ઘરની શાયબી
હેતની હેલી પ્રેમની સાથે બારણે ઘરના લાવતી.
દીકરી ટાળે દુખડા રે હા દીકરી ટાળે દુખડા,
અંતને ટાણે દોટ મૂકીને બાપની વારે આવતી.

મેહુલ ત્રિવેદી,(ઘાયલ મેઘ), ખેરાળી

------------------------------------------

## NoG SS No : 0004

દીકરી

હું દીકરી છું..!
દુઃખ થાય હે,
ન લખો કોઈ
દિકરી?
સાચો શબ્દ દીકરી છે..
ભાષા પણ સત્ય લખો
દીકરી તો એ છે
જે થકી જ વિશ્વ છે..
જન્મે જ ત્યાં ઉપમા
તેને લક્ષ્મી ની
પણ જગત જ્યારે
ઉતારે ચીથરાં
કરે બેહાલ ત્યારે
ક્યાં હોય છે આપ
સભ્ય સમાજ?
જુઠા આંચળાઓ
ચહેરા પરના નકાબ
મને નથી થવું અહીં
દીકરા સમાન મને
આત્મસન્માનથી જીવવું
મારા આ શિયળને બક્ષવું
ખોટા શબ્દોથી ન સૂઝતું
જીવવું મને ખુલા શ્વાસ થકી..
મને દીકરી બની રહેવા દો
પછી ઉજવો શબ્દો થકી જ
દીકરી દિવસ કે દીકરી સ્વાહ

જયશ્રી પટેલ...

------------------------------------------

## NOG SS NO: 0037

વિષય - દીકરી દિવસે,સ્પેશ્યલ રચના,તમામ દીકરીઓને અર્પણ.
વિભાગ - વાર્તા.
શીર્ષક - મારું રતન મારી દીકરી.

ડુંગરની ગોદમાં નાનું એવું સુંદર હરિયાળું ગામ ગામમાં માલધારી લોકો રહે, એમાં એક મેરામભાઈ નું પરિવાર . ખૂબ મહેનતુ અને પ્રેમાળ મેરામભાઈના પરિવારમાં એમના બા બાપુજી પત્ની અને પાંચ દીકરીઓ. ગાયો , ભેંસો , ઘેટાં , બકરાં તો અગણિત સાથે કૂતરાઓ.

સવારથી સાંજ સુધી આખો પરિવાર પ્રાણીઓની દેખભાળ કરે , ઉનાળાનો સમય આવ્યો પ્રાણીઓ માટે ઘાસચારો લેવા માટે દૂર દૂર સુધી જવું પડે. વહેલી સવારથી પ્રાણીઓને લઈ નીકળી જતાં. મેરામભાઈની મોટી દીકરી રતન.નામ જેવાજ ગુણ ખુબ મહેનતુ,નીડર બપોર થતાંજ તે ભાત લઈ નીકળી જતી માથે ભાત , દુધભરેલ ઘડો , છાસનો કીટલો , અને સાથે મોતી. મોતી મેરામભાઈનો કૂતરો મોતી રતનનો દોસ્ત રતન જ્યાં જાય ત્યાં મોતી તેની સાથેજ જાય . ઘરના અને ગામ લોકો પણ કહેતા , " રતન મોતીનું રખોપું કરે છે, કે મોતી રતનનું ? " રતનના પગના ઝાંઝરના અવાજથી દૂર દૂર સુધી રતન આવે છે,વળી તેની સાથે મોતી હશેજ ! એવા સમાચાર મળી જતાં.ગામથી લઈ સીમ સુધી બધાંજ રતનને ઓળખે પ્રાણીઓ , પંખીઓ બધાં સાથે રતનની દોસ્તી ચાલતાં ચાલતાં બધાંના સમાચાર પૂછતી જાય , દૂધ , છાસ વહેંચતી જાય.મેરામભાઈને ભાત પહોંચાડે.પિતા , પુત્રી અને મોતી , સાથે બેસી આરામથી ભાત ખાય વળતાં સમયે બા એ મંગાવેલ ઘરની ચીજવસ્તુઓ લઈ આવે .

આમજ ઉનાળાનો સમય પૂરો થયો. આવ્યો શિયાળો મેરામભાઈ રતનને ભાત આપવા આવવાની ના કહે, પણ રતન કોઈનું કહેવું ના કરે તેને તો કામ કરવામાં આનંદ આવતો.

એક દિવસ સાંજના સમયે ઘરે પાછા વળતા સમયે, મેરામભાઈને અચાનક કઈક કામ આવી જતાં, એ ગામમાં રોકાઈ ગયાં, અને રતનને મોતી સાથે ગાયો , ભેંસો , બકરાઓ લઈ ઘર તરફ જવા કહ્યું . શિયાળાની સાંજ, એટલે વહેલું અંધારું થવા આવ્યું હતું. રતન તો ડર્યા વિના વાતો કરતી કરતી ચાલી નીકળી. પગમાં ઝાંઝર છમ.. છમ.. , વાગી રહ્યાં છે. હાથમાં ઢોર હાકવા માટે, મેરામાભાઈએ આપેલી લાકડી આમથી આમ ફેરવતી. અચાનક પોતાની પાછળ આવતો પ્રાણીઓનો અવાજ આવ્યો , બધાં પ્રાણીઓ આમથી આમ , દોડા દોડી કરી મૂકી રતન પાછળ જુએ છે ! ત્યાં તો , સિંહે પ્રાણીઓ પર હુમલો કર્યો છે. રતન જરાપણ ડર્યા વિના, ચાલ મોતી, એમ કહી, લાકડી લઈ સિંહ સાથે લડવા તૈયાર થઈ.રતનતો જાણે ' જગદબાનું સ્વરૂપ રતનને જોઈ પ્રાણીઓને પણ હિંમત આવી એ પણ એકી સાથે,ડર્યા વિના સિંહ પર ત્રાંડક્યા, અદભૂત દ્રશ્ય... ! સિંહ વચ્ચે, ચારેય બાજુ પ્રાણીઓ. સિંહની સામે રતન નામની કન્યા ઝઝૂમે. મોતી પણ જાણે રતનનાં રખોપાં કરતો હોય તેમ લડે સિંહ થોડીજ ક્ષણોમાં , રતનની નીડરતા,પ્રાણીઓની એકતા જોઈ, શિકારી ખુદ શિકાર બની જશે,એમ વિચારી ત્યાંથી ભાગી છૂટયા.

આ બાજુ પ્રાણીઓના, અવાજ સાંભળી, ગામલોકો , મેરામભાઈ સાથે દોડી આવ્યાં. રતન , મોતી , પ્રાણીઓ બધાંને એકી સાથે સિંહ પર ત્રાડકતાં જોયાં.સિંહને ત્યાંથી ભાગી જતાં જોઈ ગામલોકો વિચારતાં રહી ગયાં. રતનની હિંમતથી એક પણ પ્રાણીને નુકસાન ન પહોંચ્યું ગામ લોકો ખુશ થઈ આજથી, આ ગામનું નામ ' રતન રાખવું એવું નક્કી કર્યું . મેરામભાઈની આંખમાંથી ખુશીના અશ્રુ વહી રહ્યાં છે, એતો કંઈજ બોલી નથી શકતાં, બસ આટલું બોલ્યો....

" મારું સાચું રતન મારી દીકરી "

લેખન - હેમલતા દિવેચા ( હેમ )

------------------------------------------

## NOG SS No/0044

વિષયઃ- વિશ્વ દીકરી દિવસની શુભેચ્છા.
શીર્ષકઃ- હાલરડું.

દીકરી મારી લાડકવાયી,
હેતને હીંડોળે ઝુલાવું.
પિતાનાં ?વહાલની ઝોળી બાંધી,
વહાલની દોરીએ હિંચકું.
નિંદ્રા રાણી વાયરો વીંઝે,
સપનાની પાંખે તું તો ઝુલે.
કાનુડાનાં આશિષ મળે,
મા જગદંબાની શક્તિ.
દીકરી મારી બહાદુર બને,
અન્યાય સામે લડે.
દીકરી મારી વિરાંગના બની,
દેશનું રક્ષણ કરજે.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

------------------------------------------

## NOG. SS. NO. 0095.

વિષય :-- દીકરી
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :-- " મીરાં નો ધ્યેય , વ્યસન મુક્તિ ".

આજે મીરાંનાં પિતાનાં અવસાનને મહિનો થવા આવ્યો હતો. હા, એનાં પિતાને કેન્સર થયું હતું ! એની માતાને પણ કેન્સર થયું હતું ને બે વષે પહેલાં જ એમનું પણ અવસાન થયું હતું.

મીરાં એનાં માતા – પિતા ની એક માત્ર સંતાન હોવાથી એમની સેવા માટે મીરાં એ લગ્ન નહોતાં કર્યા. એક પ્રાથમિક શાળામાં શિક્ષિકાની ફરજ બજાવતી હતી. આજે માતા પિતા બંને ને કેન્સર જેવી બિમારીમાં ગુમાવીને એ ખૂબજ દુઃખી થઈ ગઈ છે. એણે નક્કી કર્યું કે મારે હવે કોઈપણ સંજોગોમાં ગામનાં લોકો ને સમજાવવું જ પડશે કે ' કેન્સરહ્ન કેટલો ગંભીર રોગ છે ! અને એની માટે જ ગામનાં વડીલો, યુવાનોને વ્યસન નહીં કરવા માટે પણ સમજાવવું પડશે.

મીરાંએ શાળામાં આવીને આજે પોતાનાં જ વગેનાં બધા બાળકોને એક સવાલ પુછ્યો.
" બાળકો તમારાં ઘરમાં કે આસ – પડોશમાં કોઈને વ્યસનની આદત છે ? જેવી કે બીડી, સિગારેટ, હુક્કો, તમાકુ, બજર, છીકણી ? "
તરતજ બધા બાળકો એકસાથે જ બોલી ઉઠ્યા, " હા હા બેન છેને ! "

કોઈનાં દાદા હુક્કો પીવે છે ,તો દાદી છીકણી સુંઘે છે. કોઈનાં પપ્પા બીડી પીવે છે તો કાકા તમાકુ ખાય છે. આમ ગામમાં લગભગ ઘરેઘરે વ્યસન કરતાં લોકો છે.

મીરાં એ બાળકો પાસે એક નાટક તૈયાર કરાવ્યું અને એ નાટક હતું, " વ્યસન થી થતું નુકસાન " .અને પછી ગામમાં સરપંચને વાત કરીને એક ગ્રામસભા નું આયોજન કરીને બધાં જ ગ્રામજનોની વચ્ચે આ નાટક ભજવાયું. અને જ્યાં નાટક સમાપ્ત થયું ત્યાંજ સૌ પ્રથમ સરપંચ ઊભા થયાં ને બાળકો તેમજ મીરાંબેનનો આભાર માન્યો અને સાથે સાથે પોતે આજથી હુક્કો નહીં પીવે એવો નિયમ પણ લીધો.

અને ત્યારપછી તો એક પછી એક સૌએ ઊભા થઈને હવેથી અમે પણ કદી વ્યસન નહીં કરીએ એવી પ્રતિજ્ઞા લીધી. આજે મીરાંએ પોતાનું લક્ષ્ય પાર પાડ્યું હતું. પોતે ભલે પોતાનાં માતા – પિતાને બચાવી ના શકી પણ ગામનાં બધાં જ લોકો જે વ્યસન કરતાં હતાં એમને એક કુટેવ માંથી બહાર લાવીને એમનું જીવન બચાવ્યું છે એનો મીરાંને અનહદ આનંદ છે.

જાણે આજે એને ગામનાં દરેક વડીલો રૂપે પોતાનાં માતા – પિતા પાછાં મળ્યાંનો સંતોષ છે.આજે એ આખાયે ગામની લાડલી દીકરી બની ગઈ છે .બધાને મોઢે બસ એક જ વાત છે કે દીકરી હોય તો આવી !!!!

દીપિકા ચાવડા ' તાપસી. '

------------------------------------------

## NOG SS No.0081

દીકરી દિન!

જ્યાં સુધી દીકરીને ઘરની બહાર મોકલતાં જીવ ફફડે,
જ્યાં સુધી ઘરમાં દીકરી એકલી રહેતાં થથરે,
જ્યાં સુધી સ્ત્રી ગમે તે ઉંમરે નજરોનો શિકાર,
જ્યાં સુધી ઘરમાં એનાં અભિપ્રાયનો થાય અનાદર,
જ્યાં સુધી દીકરીને તનય સમ ન માન અપાય,
જ્યાં સુધી દર રૂઢિ,રિવાજ,ધારા ધોરણ દીકરી પર જ થોપાય...
ત્યાં સુધી દીકરી દિવસ ન મનાવાય!
એક દીકરી ત્રણ કુળથી પિછાણાય
મોસાળ,પિયર, સાસરૂં

માયા દેસાઈ મુંબઈ ભારત .

------------------------------------------

## NOG SS No : 0092

પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ- વાતનો વિસામો દીકરી

'મા ના પાલવની કોર દીકરી,
હૈયે ઉઠતું પ્રેમનું જોર દીકરી.
બાપની આંખોનું નૂર દીકરી,
બા ના પ્રેમમાં ચૂર દીકરી.
હાથમાં આવ્યાની પહેલી જ ક્ષણે લાગે હૂર દીકરી,
ના અળગી કરવી ગમે નજરથી દૂર દીકરી.
ઝાંઝરનો મીઠો રણકાર દીકરી,
ભર ઉનાળે વરસેલો વરસાદ દીકરી.
વિધાતાનું અણમોલ વરદાન દીકરી,
મા ના હૈયાનો ધબકાર દીકરી.
વાતનો કાયમી વિસામો દીકરી,
મા ના હૃદયનો દિલાસો દીકરી.
નિર્દોષ તોફાનોની ભરમાર દીકરી,
વ્હાલપનું બેસુમાર સ્થાન દીકરી.
હૃદયમાં લાગણીઓનું ઉદગમસ્થાન દીકરી,
આંખોમાં વસતું ભૂરું આસમાન દીકરી.
જેને જોતા જ જિંદગી જીવવાની ઈચ્છા થાય અને,
જેના જતાંજ જિંદગી પુષ્પ વિનાની વાટિકા બની જાય એ દીકરી.

અલકા મહેતા.ગાંધીનગર.

------------------------------------------

## NOG SS NO- 0088

વિષય શબ્દ- દીકરી
પ્રકાર- ગદ્ય
શીર્ષક- દાદીની દીકરી

અરે! આજે વિશ્વ દીકરી દિવસ અને હું એ વિશે કાંઈ ના લખી શકી! તેવો અફસોસ ..જ્યારે મેં મોડી સાંજે સૌના દીકરીને અનુલક્ષીને મુકાયેલા સંદેશા વાંચ્યા ત્યારે થયો..

પછી થયું.. એમ નહિ થવાનું કારણ પણ તો વ્યાજબી જ હતું ને! છેલ્લા એક મહિનાથી મારા સાસુ પડી જવાથી બિલકુલ પથારીવશ બની ગયાં છે.. અને પાછો આજે રવિવાર સમાચાર પૂછવા વાળાં સગાંસ્નેહીઓ પણ હોય..

હા.. આજે વાત કરવી છે મારાં સાસુ અને મારી દીકરીની.. મારાં સાસુને બે દીકરા. સાસુ - સસરા બંનેને દીકરી બહુ વહાલી..પણ પોતાની કુંખે ના હોવાનો અફસોસ કાયમ થતો.. જે ઈશ્વરે દીકરાના ઘરે દીકરી આપીને પૂરો કર્યો.. મારી દીકરીને ખૂબ હર્ષોલ્લાસથી વધાવીને.. આખા ગામમાં તેમણે પેંડા વહેચેલા.

દાદાની ઈચ્છા એ ડોક્ટર બને તેવી કાયમ રહેલી અને ઇશ્વરિચ્છાએ તે પૂર્ણ પણ થઈ. હાલમાં જ એણે સ્મ્જી પૂર્ણ કર્યું. જે આ સમયે ખૂબ કામમાં આવ્યું.

બાને બાથરૂમમાં પડતી વેળા એક ખૂણો વાંસામાં ખૂબ વાગેલો.. ત્યાં ઘણીબધી દવા કરવા છતાં રૂઝ કેમેય આવતી ન હતી..

દીકરીને થયું મારું ભણતર અહીં લેખે ના લાગે તો શું કામનું..? એણે સારવારમાં જીવ લગાવીને પ્રયત્નો શરૂ કર્યાં.. સાથે વિવિધ જ્યુસ અને રસો ખૂબ પ્રેમથી આપવા લાગી.. પ્રેમનો સ્પર્શ સાથે સારવાર લેખે લાગી. સરસ રૂઝ આવવા લાગી.. નિર્જીવ બનેલા પગમાં પણ જોમ આવવા લાગ્યું છે. ઘા હાલ સાવ સામાન્ય રહ્યો છે.. અને અત્યંત પીડાથી કણસતાં બા આજે નિરાંતે જમીને સુવે છે..

તેઓ દીકરીને રમાડતાં એક કહેવત બોલતાં.. "વાડે વાડે નોળિયા ઘણા હોય પણ કોડીલાં કુંવરબા તો એક દીકરી જ હો"

ઈશ્વર પાસે માંગીને લીધેલ દીકરીને જોતાં એમનો આત્મસંતોષ જરૂર આંખોમાં ઝળકીને મીઠા આશિષ ઢોળે છે.

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

------------------------------------------

વિષય : દીકરી..!

દીકરી દિવસ ની શુભેચ્છા સૌ મમ્મીઓને..!
નવરંગી ઓઢણીમાં મારી ચરકલી..!
હૈયામાં હરખાતી જાય..! ઘમ્મરિયો ઘાઘરો પહેરીને..! મુખડેથી મલક મલક મલકાય..!
ઓ મારી જાન ચરકલી..!
ઓ મારી દીકરી..!
મીઠો ટહુકો ..!
વહેલી પરોઢમાં ,
ઉગમણે દ્વારે આવી , અજવાળાં પાથરવા
મારે ઘરે વહેલી પરોઢના..!
ઉગતાં સૂરજની સાથે આવી...!
સૌને પ્યારી ચરકલી..!
તારો પ્રેમ પ્રવાહમાં ,
જીવતરનાં ઓરડામાં ,
પા પા પગલીની છાપ તારી..! કંકુ પગલાં પાડ્યાં એ..!
પારકાં ધનના સૌથી ધનવાન પાપા..!
સો જનમની સઘળી પુંજી મારી...!
તો યે મારી લેણદાર નીકળે મારી દીકરી..!
દીકરીને દેજે પ્રભુ એવું ડહાપણ ,
કે મારા સમગ્ર પરિવારનું ઢાકળ બનીને રહે..!
મે તને ઘડી છે બરાબર ટકોર દઇને...!
ના કદી લજવાતી મને...!
મારાં ઘરે તને સ્વર્ગનું સુખ મળ્યું...!
તારાં અન્ન પાણી લખ્યાં હશે ત્યાં તું જવાની
દીકરી મારી પારકી થાપણ..! દીકરી એટલે દિલ સાથે જોડાયેલાં અતૂટ સંબંધ નો શ્વાસ..!
કસ્તુરીની જેમ સદાય મહેકતી રહેજે..!
રિદ્ધિ, સિદ્ધિ આપનારી લક્ષ્મી રૂપે અવતરેલી મારી ચરકલી..!
પરિવારને ઉજાળો કરનાર..! મારી વ્હાલી દીકરી...!
એટલે "બીટ્ટુ..! "કરિશ્મા"..!

રાગીની શુક્લ"રાગ",મુંબઈ, કાંદિવલી

------------------------------------------

## N0G SS No : 0059

NOG સાહિત્ય સરિતા (૧)
વિષયઃ "દીકરી".
પ્રકારઃ પદ્ય
શીર્ષકઃ " પધારો લક્ષ્મીજી".
શબ્દોઃ ૫૧.

જન્મ જન્મ સાથનિભાવે દીકરી
હોયછે મા-બાપની લાડલી દીકરી
રંકને ત્યાં પણ જો જન્મે દીકરી
આવકાર મેળવેછે એ લક્ષ્મીજીનો
હોય ભલે એ શહેરનો કરોડોપતી
દીકરી વગર ,ગણાયોતે કંજુસમા
વળાવી એ દીકરી સ્વસૂરગૃહે
પૂજાયછે એ મોટો કન્યાદાતા
નથી મારે, બ્હેન કે લાડલી દીકરી
પ્યારે' કબુલુ હું ગૂનો ગયાભવનો.

જયકાન્ત ઘેલાણી પ્યારે'.





કંબોઇ,સ્વામિનારાયણ મંદિર ખાતે અખિલ ભારતીય સંત સમિતિ,દાહોદ જિલ્લાની બેઠક મળી. દાહોદ જિલ્લા ના તમામ તાલુકા માંથી ૨૦૦ જેટલા સંતો ઉપસ્થિત રહ્યા.દાહોદ જિલ્લાની નવીન ટીમ ની ઘોષણા અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા.જેમાં પરમ પૂજ્ય મહંત દયાનંદ સાહેબ,પરમ પૂજ્ય મહંત ડૉ. દલસુખ દાસજી મહારાજ અને પરમ પૂજ્ય સંત સ્વામી મહારાજ,કાલોલ ના ઓ એ ભારતીય સંસ્કૃતિ,રાષ્ટ્ર હિત માં સંતો ની ભૂમિકા વિશે વિશેષ માર્ગદર્શન આપ્યું.વિશ્વ હિન્દુ પરિષદ ના પ્રાંત કાર્યકર્તા શંભુ પ્રસાદ રમણ ભાઈ બારીયા અને ગોવિંદભાઈ નટ ઉપસ્થિત રહ્યા.સમગ્ર કાર્યક્રમ નું સંચાલન અખિલ ભારતીય સંત સમિતિ દાહોદ ના અધ્યક્ષ પૂજ્ય મહંત વિમલ દાસ જી સાહેબે કર્યું.

તસવીર અભેસિંહ રાવલ દાહોદ



ખેડૂતો દ્વારા કામરેજ મુંબઇ હાઈવે બંધ કરતા નરેશ વિરાણી ,ચેતન કોર્સમાંડા,પરિમલ ભાઈ , સંજય રાદડિયા અને આંનદભાઈ સહિત ૧૫ ખેડૂતો ની કામરેજ પોલીસ દ્વારા ધરપકડ

### બનાસકાંઠા જીલ્લામાં પોલીસની તાનાશાહી ભારત બંધના પગલે ધરતી પુત્રોની ધરપકડ કરી

# રાષ્ટ્રીય કિસાન સંગઠન બનાસકાંઠા જીલ્લા પ્રમુખ વી.કે.કાગ સહીત હોદ્દેદારો ની ધરપકડ કરતી જીલ્લા પોલીસ

સંયુક્ત કિસાન મોરચા દિલ્હી ના આદેશ અનુસાર તા.૨૭/૯/૨૦૨૧ ના રોજ ભારત બંધ નું એલાન આપવા માં આવેલ છે અને રાષ્ટ્રીય કિસાન સંગઠન ગુજરાત પ્રદેશ દ્વારા સમર્થન આપવા આવેલ હતું.

ભારત સરકાર દ્વારા ત્રણ કૃષિ કાયદા પસાર કરી ખેડૂતો ને ગુમરાહ કરી કંપની ના હિતનું કામ કરી રહી છે અને તેનો વિરોધ સમગ્ર દેશમાં ખેડૂતો દ્વારા કરી રહ્યા છે અને ભારત સરકાર સામે તા.૨૭/૯/૨૦૨૦ ના રોજ રોજ આંદોલન ચાલુ થયું હતું અને એક વર્ષ થી આંદોલન ચાલે છે અને છેલ્લા ૧૦ મહિનાથી દિલ્હી ની બોર્ડર ઉપર હાઈવે ઉપર બેસીને લાખો ખેડૂતો વિરોધ કરી રહ્યા છે છતાં કુંભ કર્ણ ની નિદ્રા માં સુતેલી સરકાર ખેડૂતો સાથે યોગ્ય ચર્ચા કરી રસ્તો કાઢવામાં ન આવતા સંયુક્ત કિસાન મોરચા દિલ્હી ના આદેશ અનુસાર તા. ૨૭/૯/૨૦૨૧ ના રોજ ભારત બંધ નું એલાન આપવા માં આવેલ હતું અને રાષ્ટ્રીય કિસાન સંગઠન ગુજરાત પ્રદેશ દ્વારા સમર્થન આપવા આવેલ હતું.

રાષ્ટ્રીય કિસાન સંગઠન બનાસકાંઠા જીલ્લા પ્રમુખ વી.કે.કાગ જણાવે છે કે આજે વહેલી સવારે ધાનેરા પોલીસ દ્વારા જીલ્લા પ્રમુખ વી.કે.કાગ,પ્રદેશ ઉપાધ્યક્ષ કાળુભાઈ તરક,તાલુકા પ્રમુખ શંકરભાઈ વાગડા, તાલુકા મહામંત્રી નવાભાઈ મુંજી, પાલનપુર પશ્ચિમ પોલીસ દ્વારા જીલ્લા મહામંત્રી ભરતભાઈ કરેણ,ઉત્તર ગુજરાત ઝોન પ્રમુખ દિનેશગીરી ગૌસ્વામી, તાલુકા પ્રમુખ ગુલાબસિહ પરમાર, વડગામ પોલીસ દ્વારા જીલ્લા ઉપ પ્રમુખ જવાનસીહ હડિયોલ, તાલુકા પ્રમુખ લક્ષમણભાઈ ચૌધરી, તાલુકા મહામંત્રી ગોવિદભાઈ ચૌધરી, તાલુકા ઉપ પ્રમુખ રેવાભાઈ પરમાર, જીલ્લા યુવા ઉપ પ્રમુખ રાકેશભાઈ



ચૌધરી, સુઈગામ પોલીસ દ્વારા જીલ્લા કોષાઅધ્યક્ષ વિક્રમભાઈ ગામોટ, જીલ્લા મંત્રી રામસિંહ બાયડ તાલુકા પ્રમુખ મયુરભાઈ ચૌધરી,પ્રદેશ સદસ્ય તલાભાઈ ચૌધરી, વાવ પોલીસ દ્વારા પ્રદેશ મંત્રી રામસિંહ ગોહિલ, જીલ્લા પ્રમુખ કરશનભાઈ રાજપુત,તાલુકા પ્રમુખ આઈ.વી.ગોહિલ, મહામંત્રી ભાવસિંહ ગોહિલ દીયોદર પોલીસ દ્વારા મફાભાઈ ગીરધરભાઈ પટેલ, થરાદ પોલીસ દ્વારા જીલ્લા મંત્રી ઉદેસીહ વાઘેલા, તાલુકા પ્રમુખ અરજણભાઈ પટેલ, દાંતીવાડા પોલીસ દ્વારા તાલુકા પ્રમુખ રમેશભાઈ ચૌધરી, પાંથાવાડા પોલીસ દ્વારા મહામંત્રી જેસંગભાઈ ચૌધરી ની વહેલી સવારે તેમના નિવાસસ્થાને થી ધરપકડ કરવા માં આવી છે અને પોલીસ મથકે નજર બંધ કરવા માં આવેલ છે વધું માં પ્રદેશ મંત્રી રામસિંહ જણાવે છે કે સરકાર પોલીસ ને આગળ શાંતિ પૂર્ણ રીતે આદોલન કરવા દેતી નથી પરંતુ અમો ખેડૂત આગેવાનો પોલીસ અને સરકાર થી ડરી પીછે હઠ કરવા ના નથી અને ડબલ તાકાત થી અને ઈતિહાસ ના પાને લખાશે તેવું આદોલન કરીશું અને તેનુ પરિણામ આગામી વર્ષ ૨૦૨૨ ની વિધાનસભા ની ચુંટણી માં જોવા મળશે તેની સરકાર નોંધ લે.

## ભારત માતા કવિ સંમેલન માં હિન્દી રચનાઓ પ્રસ્તુત કરનાર ૭૫ કવિઓ ને સમ્માનિત કરવામાં આવ્યા

ભારત માતા અભિનંદન સંગઠન ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા ભારત માતા દિવસ તારીખ ૧૧ સપ્ટેબર ના રોજ સવારે ૨ વાગ્યે ઑન લાઈન હિન્દી કવિ સંમેલન યોજાયું હતું

આ કાર્યક્રમ ના આયોજન થી ભારત માતા વિશે લોકો માં રાષ્ટ્ર ભાવના જાગે તથા સ્વામી વિવેકાનંદ જી ના વિચારો થી યુવાઓ માં રાષ્ટ્ર પ્રેમ ની જ્યોત જલાવી દેશ ભક્તિ ની પ્રેરણા જગાડી છે.

આ સંમેલન માં જે કવિ પ્રથમ સ્થાન મેળવે તેને ભારત માતા નો ચાંદી નો સિક્કો આપવાની સ્પર્ધા મા રાષ્ટ્રીય અધ્યક્ષ ભારત માતા અભિનંદન સંગઠન હરિયાણા ના શ્રી પી ડી મિત્તલ દ્વારા મૂળ ગુજરાત



ના પરંતુ હાલ માં કેલિફોર્નિયા ખાતે રહેતા શ્રી રમેશ ભાઈ પટેલ આકાશદીપ ને સન્માનિત કરી સન્માન પત્ર અને ભારત માતા નો ચાંદી નો સિક્કો અર્પણ કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમ માં શ્રી ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ ગુજરાત પ્રદેશ ભારત માતા અભિનંદન સંગઠન દ્વારા બાકીના કુલ ૭૪ કવિઓ ને સમ્માન પત્ર એનાયત કરી ઑન લાઈન સમ્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ માં કેલિફોર્નિયા માં રહેતા સ્વપ્ન જેસરવાકર ગોવિંદ ભાઇ પટેલ કે જે ગુજરાત પેટલાદ આણંદ જિલ્લાના ના વતની છે તેઓએ પણ આ સંમેલન માં ભાગ લીધો હતો અને પોતાની રચના પ્રસ્તુત કરી હતી

આ કાર્યક્રમ નું સંચાલન કરનાર શ્રી વીણા અડવાણી નાગપુર અને વિકાસ જી હરિયાણા ને પણ સન્માન પત્ર આપી સમ્માનિત કરવામાં આવ્યા હતા.

ડૉ ગુલાબચંદ પટેલ
અધ્યક્ષ ગુજરાત પ્રદેશ
ભારત માતા અભિનંદન સંગઠન

## ધનસુરા જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ ૬માં પ્રવેશ પરીક્ષા માટે ૩૦ નવેમ્બર સુધી અરજી કરી શકાશે

મોડાસા-સોમવાર મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

વર્ષ ૨૦૨૨-૨૩ માં ધોરણ ૬ માં પ્રવેશ માટેની જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા-૨૦૨૨ માટે ૩૦ નવેમ્બર ૨૦૨૧ સુધી ઓનલાઈન અરજીઓ કરી શકાશે. જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના ધનસુરાની જવાહર નવોદય વિદ્યાલય ખાતે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ધોરણ ૬ માં પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષા તારીખ ૩૦ એપ્રિલ ૨૦૨૨ના રોજ યોજાશે.

ચાલુ શૈક્ષણિક સત્ર ૨૦૨૨-૨૩માં અરવલ્લી જીલ્લાની કોઈપણ સરકારી/સરકારમાન્ય શાળામાંથી ધોરણ ૫ નો અભ્યાસ કરતા હોય, સરકારી/સરકારમાન્ય શાળામાંથી ધોરણ-૩ અને ૪ માં પુરા સત્રનો અભ્યાસ કરેલો હોય અને પાસ કરેલ હોય તથા ૦૧ મે ૨૦૦૯ અને ૩૦ એપ્રિલ ૨૦૧૩ (બન્ને દિવસો સમાવિષ્ટ) વચ્ચે જ જન્મેલા હોય તેવા ઉમેદવારો આ પ્રવેશ પરીક્ષા આપી શકશે.

આ પ્રવેશ પરીક્ષા અંગેની વિગતવાર માહિતી માટે નવોદય વિદ્યાલય સમિતિની વ ે બ સ ા ઈ ટ www.navodaya.gov.in ની મુલાકાત લેવાની રહેશે.

આ પ્રવેશ પરીક્ષા આપવા માટે નવોદય વિદ્યાલય સમિતિની વેબસાઈટ www.navodaya.gov.in y™u https:// cbseitms.nic.in/ registrationClass6/ registrationClass6 ઉપર વિનામૂલ્યે ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા ચાલુ થઈ ગયેલ છે, અને આ પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૩૦ નવેમ્બર ૨૦૨૧ છે. અન્ય કોઈ માહિતી/માર્ગદર્શન માટે આ વિદ્યાલયનો સંપર્ક કરવો. એમ એક અખબારી યાદીમાં જણાવાયુ છે.

## ખેતરે જવા નીકળેલા નગરાળાના અંજુબેન પરમાર ઘરે પરત ન ફર્યા

દાહોદનાં નગરાળા ગામનાં ખેડા ફળીયાના અંજુબેન પરમાર ગુમ થયા છે. દાહોદ રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી વિગત મુજબ તેઓ ગત તા. ૧૨ સપ્ટેમ્બરનાં રોજ બપોરે ઘરેથી ખેતરમાં ઘાસ લેવા જાઉં છું કહીને નીકળ્યા હતા પરંતુ પરત ફર્યા નથી. તેમની ઉંમર ૧૯ વર્ષ છે. શરીરે મજબુત બાંધાનાં, ઘઉંવર્ણા, લંબગોળ ચહેરો અને કાળા વાળ છે. તેમજ કાળા રંગનો ડ્રેસ પહેર્યો હતો. તેઓ ધોરણ ૮ સુધી ભણ્યા છે અને ગુજરાતી તેમજ હિન્દી ભાષા જાણે છે. ગુમ થનાર વિશે કોઇ પણ માહિતી મળે તો દાહોદ રૂરલ પોલીસ સ્ટેશનના ફોન નં. ૦૨૬૭૩-૨૪૪૯૦૦ તેમજ મોબાઈલ નં. ૯૧૦૬૫ ૪૪૭૮૭ ઉપર જાણ કરવી. દાહોદ રૂરલ પોલીસ સ્ટેશનનાં પીએસઆઇ એમ.એફ. ડામોરે એક યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

અભેસિંહ રાવલ દાહોદ

### દેશના તમામ સાંસદોને પત્ર લખીને આ અંગેની રજૂઆત કરવામાં આવી.

## ઓટીટી પ્લેટફોર્મ પર પ્રસારિત થતાં અશ્લીલ કાર્યક્રમો પર રેગ્યુલશેન લાવવા મિતલ ખેતાણી દ્વારા રજૂઆત

ઓટીટી પ્લેટફોર્મ પર પ્રસારિત થતાં કાર્યક્રમ પર નિયમન આવ્યું હોવા છતાં હજુ ગંદી ગાળો,અશ્લીલતા અને વ્યભિચાર, માંસ મટન આરોગતા દ્રશ્યો, સુરુચિ ભંગ થાય તેવા દ્રશ્યો, સનાતન સંસ્કૃતિ વિરુદ્ધના દ્રશ્યો વિ. સતત દર્શાવવામાં આવે છે. આ મુદ્દો ધ્યાનમાં આવતા યુવા સેવાભાવી અગ્રણી મિતલ ખેતાણી દ્વારા ભારતના તમામ સાંસદ સભ્યોને પત્ર લખીને ઓટીટી માધ્યમ પર કડક રેગ્યુલેશન લાવવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, ઓટીટી પ્લેટફોર્મ પર પ્રસાર થતાં અમુક કાર્યક્રમો માતા-પુત્ર, સસરા-વહુ, દિયર-ભાભી, શિક્ષક-વિદ્યાર્થીના પવિત્ર સંબંધને વ્યભિચારના સ્વરૂપે દર્શાવે છે, જે ભારતીય સંસ્કૃતિની વિરુદ્ધ છે.




આ ઉપરાંત આવા કાર્યક્રમને જોવાથી વ્યક્તિના માનસ પર વિકૃત અસર થાય છે. ઓટીટી પર પ્રસારિત થતાં કાર્યક્રમની નવી ગાઈડલાઇનમાં ગંદી ગાળો અને અશ્લીલતાઓને શબ્દશઃ મંજૂરી આપવામાં આવી છે,જે ચિંતાનો વિષય છે. ઓટીટીનાં કારણોસર દેશમાં હિંસા, વ્યભિચાર, નારી હિંસા, ઘરેલુ હિંસા, યૌન શોષણ, તલાક જેવા કિસ્સાઓમાં વધારો થયો છે. જ્યાં નારીને પૂજવાની વાત કરવામાં આવે છે ત્યાં વ્યભિચાર દર્શાવીને તેનું ઓટીટી દ્વારા અપમાન કરવામાં આવે છે. જે રેગ્યુલેશન ટીવી ચેનલો પર લાગુ પડે છે તે જ 'કોડ ઑફ એથિક્સ'નાં સ્વરૂપમાં જનરલ પ્રિન્સિપલ તરીકે ઓટીટી પ્લેટફોર્મ પર લાગુ પાડવાનું અનુરોધ આ પત્ર દ્વારા કરવામાં આવ્યો હતો.. ટીવી ચેનલ માટે 'કેબલ ટેલિવિઝન નેટવર્ક,૧૯૯૫ ની ધારા ૬માં તેમને ઈન્ફોર્મેશન ટેક્નોલોજીનાં નિયમોમાં ઓટીટીને લગતી ગાઈડલાઇન અને નિયમોને સમાવિષ્ટ કરવા અનુરોધ કરાયો છે. આ ઉપરાંત આ પત્રમાં જણાવાયું છે કે હાલમાં કોરોના મહામારીના સમયમાં દરેક બાળકોનું શિક્ષણ ઓનલાઈન થયું છે, જેના કારણે બાળકોથી ઓટીટી પ્રસાર માધ્યમ દૂર રાખવું મુશ્કેલ બન્યું છે. ઓટીટી પ્લેટફોર્મ પરથી અશ્લીલતા અને નગ્નતાને દૂર કરવાની રજૂઆત પત્ર દ્વારા કરવામાં આવી છે જેથી ભારત દેશની માતાઓ, બહેનો, દીકરીઓ અને વહુઓની સુરક્ષા જળવાઈ રહે,તેવું મિતલ ખ ે ત ા ણ ી ( મ ો . ૯૮૨૪૨૨૧૯૯૯)ની યાદીમાં જણાવાયું છે.

## મુન્દ્રા નાં અદાણી પોર્ટ પરથી હેરોઇન ડ્રગ્સનાં ઝડપાયેલા તોતિંગ જથ્થા મામલે વિધાનસભામાં બોલ્યાં વિપક્ષ નેતા શ્રી પરેશ ધાનાણી

ઈતિહાસમાં ૨૧૦૦૦ કરોડનું ડ્રગ્સ ભાજપ સરકારમાં પકડાયું, સરકારની મીઠી નજર હેઠળ ડ્રગ્સ આવ્યું

કોરોના મહામારીમાં થયેલા ૩ લાખથી વધુ મૃતકોને આ વિધાનસભા ગૃહમાં સામૂહિક શ્રદ્ધાંજલિ આપવામાં આવે અને તેઓના પરિવારને ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલ રૂ.૪ લાખનું વળતર મળે તેવો સંકલ્પ કરીએ તેવો વિપક્ષ નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ પ્રસ્તાવ મૂકતા સંવેદનહીન આ સરકાર એમાં સંમત ન થતાં વિપક્ષે ગૃહ માથી વોક આઉટ કર્યો

## પાટણમાં પંડિત દીનદયાળની જન્મજયંતિ નિમિતે સંવાદ કાર્યક્રમ યોજાયો

પાટણ ખાતે ભારતીય જનસંઘના સંસ્થાપક પંડિત દિનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતી એપીએમસી હોલમાં પૂર્વ ગૃહમંત્રી ગોરધનભાઈ ઝડફિયાની ઉપસ્થિતિમાં સંવાદ કાર્યક્રમનું આયોજન કરાયું હતું જેમાં સૌપ્રથમવાર

પ્રદેશ પ્રદેશ કારોબારીમાં નક્કી થયા મુજબ સ્ટેજ પ્રથા દૂર કરીને કાર્યકરોની સાથે ઉપસ્થિત ભાજપના નેતાઓ અને હોદ્દેદારો નીચે જ બેઠા હતા કાર્યક્રમમાં મુખ્ય વક્તા ગોરધનભાઈ ઝડફિયાએ સંબોધન કરતા જણાવ્યું કે આ દેશ અને દેશની સંસ્કૃતિ પંડિત દીનદયાલ ઉપાધ્યાયના આદર્શો વિચારો અને મૂલ્યોના લીધે આજે વિશ્વગુરુ બનવા જઈ રહ્યો છે સમગ્ર વિશ્વ ફલક ઉપર ભારતીય સંસ્કૃતિને ગૌરવ અપાવ્યુ છે વધુમાં પંડિતજીના જીવન સાથે જોડાયેલા અનેક પ્રસંગો વાગોળી કાર્યકરોને પ્રેરણા આપી હતી આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ દશરથજી ઠાકોર, પૂર્વ પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ, પૂર્વ ધારાસભ્ય રણછોડભાઈ રબારી ,પાટણ નગરપાલિકા પૂર્વ પ્રમુખ હેમંતભાઈ તન્ના ,

કોર્પોરેટર એમ .જે. પટેલ

સી.સી. ઠક્કર, સ્નેહલ ભાઈ પટેલ , ભાનુમતિબેન મકવાણા ,પ્રવીણભાઈ મહાલક્ષ્મી સહિતના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં

## પાટણમાં નગરપાલિકાના ઉપક્રમે ડાયેટ કોલેજ ખાતે સેમિનાર યોજાયો

આ પ્રસંગે કોર્પોરેટર મનોજભાઈ પટેલે જણાવ્યું હતું કે એફોર્ડેબલ હાઉસિંગ ઈન પાર્ટનરશીપ (AHP) પ્રોજેક્ટ અંતર્ગત ૩૦ ચોરસ મીટરનું બાંધકામ (૧ બીએચકે ફ્લેટ) ૬ લાખનો તૈયાર થશે જેમાં ૩ લાખ સરકાર શ્રી આપશે અને ૩ લાખની લાભાર્થીએ લોન અથવા કેસ ભરવાના થશે

જેમાં બેંક દ્વારા ફોર્મ ભરાશે એમાં ડી.ડી. ભરવાનાં થશે લાભાર્થીઓના મકાનનું કામ પૂર્ણ થાય ત્યારે લાભાર્થીઓનો ડ્રો કરાશે અને ફ્લેટ ફાળવવામાં આવશે અને બાકીનાને ડિપોઝિટ પાછી આપવામાં આવશે ૧૫૦ થી ૨૦૦ જેટલા ફ્લેટ બનાવી આપવામાં આવશે આવનારા દોઢ વર્ષમાં આ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવશે દબાણવાળા વિસ્તારમાં - સ્લમ વિસ્તારમાં રહેતા લોકો જ ફોર્મ ભરી શકશે .ચીફ ઓફીસર પાંચાભાઈ માળીએ પણ એકદમ સરળ ભાષામાં પ્રજાજનોને માર્ગદર્શન આપેલ

આ પ્રસંગે નગર પાલિકા કોર્પોરેટર મનોજ ભાઇ પટેલ , ચીફ ઓફિસર પાંચાભાઈ માળી, નગરપાલિકા પ્રમુખ , ગોપાલસિંહ રાજપૂત , કારોબારી ચેરમેન અરવિંદભાઈ પટેલ તેમજ પ્રજાજનો ઉપસ્થિત રહ્યા

## માણાવદર- બાટવા તાલુકામાંથી ખરીદાયેલી મગફળીના બાકી ચૂકવણું કરવા તાલુકા કોંગ્રેસની સરકારમાં રજૂઆત

માણાવદર તાલુકાના લોકોના પ્રશ્નો ઉઠાવવામાં જે હંમેશા અગ્રેસર રહ્યા છે તેવા માણાવદર તાલુકાના કોંગી અગ્રણી અને ખેડૂત હિતચ્છું અરવિંદભાઈ લાડાણી છાશવારે પ્રજાના પડતર પ્રશ્નોનો પડઘો બની રહ્યા છે.અન્ય રાજકીય આગેવાનો જ્યારે લોક પ્રશ્નને ચુપ બેઠા હોય ત્યારે આ સરળ - નિખાલસ અને સાદગીને વરેલ માણસે હંમેશા પોતાનો સ્વાર્થ જોયા વગર લોકોના પ્રશ્નોને પોતાના અવાજ દ્વારા વાચા આપી છે.



અરવિંદભાઈ લાડાણીએ કૃષિ મંત્રી તથા ગુજકેટ અને ગુજકોમાસોલ વગેરેને એક પત્ર પાઠવીને જણાવ્યું છે કે ગુજરાત રાજયના જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકામાં રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪-૨૦૧૫ તથા વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માં સરકારે ખેડૂતો પાસેથી જે મગફળીની ખરીદી કરી છે તેમાં એજન્સી તરીકે માણાવદર - બાટવા તાલુકા ખરીદ વેચાણ સંઘે કામ કરેલ હતું આજે આઠ વર્ષ પછી પણ ગુજકોમાસોલ પાસે સંઘના કમિશન પેઠે રૂપિયા એક લાખ ૫૬ હજાર ૬૭૯ રૂપિયા બાકી છે જે હજુ સુધી ચૂકવાયેલ નથી. આ ઉપરાંત સને.૨૦૧૬-૧૭ મા ગુજકેટ દ્વારા ખરીદાયેલ મગફળી કામમાં પણ માણાવદર બાટવા તાલુકા ખરીદ વેચાણ સંઘની ભૂમિકા હતી તેનું બાકી પેમેન્ટ રુપીયા ૭,૭૬,૪૯૭ હજુ સુધી સંઘને ચૂકવેલ નથી આ પછીના વર્ષની મગફળી ખરીદાયેલ છે તેમાં જે તે એજન્સીઓને પુરા પેમેન્ટ મળી ગયેલ છે.ફક્ત માણાવદર-બાટવા તાલુકા ખરીદ વેચાણ સંઘને સરકારે ચુકવણું કરેલ નથી.ખેડૂતોના હિતમાં યોગ્ય નિર્ણય લેવા લાડાણીએ માંગણી કરી છે અને તાકીદેથી બાકી રકમ સંઘને મળે તેવા પ્રબંધો કરવા કૃષિ મંત્રી તેમજ ગુજકેટ, ગુજકોમાસોલ લિમિટેડને રજૂઆતો કરેલ છે

તસવીર અહેવાલ -જીગ્નેશ પટેલ માણાવદર





આમ આદમી પાર્ટી દ્વારા આજ રોજ ગાંધીનગર ના ઝુંડાલ ગામે યુવકો જિલ્લા યુવા ઉપપ્રમુખ પાર્થ પટેલની આગેવાની મા ૧૦૦ થી વધારે યુવાનો ગુજરાત પ્રદેશના નેતા શ્રી ઈસુદાનભાઈ ગઢવી, નેતા શ્રી મહેશભાઈ સવાણી,નેતા શ્રી વિજયભાઈ સુવાળા હસ્તે આમ આદમી પાર્ટી માં જોડાઈ ને ભાજપ- કોગ્રેસ માં મોટું ગાબડું પાડ્યું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.